Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી


# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 218 Dt.24-06-2022 (Friday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001


## શિક્ષકોની સર્વોચ્ચ કામગીરી, ગુણવત્તાસભર શિક્ષણની ખાતરી




“ જેમ પરિવારમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં માતાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, તેવી જ રીતે સમાજના પરિવર્તનમાં શિક્ષકોની મહત્ત્વની ભૂમિકા હોય છે. ”

- શ્રી નરેન્દ્ર મોદી, માનનીય પ્રધાનમંત્રી

### શાળા પ્રવેશોત્સવ

23-24-25 જૂન, 2022

વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઈલી રિયલ ટાઈમ ઑનલાઈન હાજરીનું સતત મોનીટરીંગ

80% થી વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં 26% અને શિક્ષકોની સંખ્યામાં 9%નો વધારો જોવા મળ્યો એટલે લગભગ 13.5 લાખ વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં આવતાં થયાં

નિયમિત સત્રાંત, વાર્ષિક અને એકમ કસોટીના આયોજનથી વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમમાં સતત સુધારો

લર્નિંગ આઉટકમ આધારિત 15 કરોડ હોલિસ્ટિક રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યાં

રાજ્યના તમામ સુપરવાઈઝરી સ્ટાફનું સ્કૂલ મોનીટરીંગ એપ્લિકેશન દ્વારા સતત રિયલ ટાઈમ ઑનલાઈન મોનીટરીંગ જેનાથી સુપરવાઈઝરી સ્ટાફની શાળા મુલાકાતમાં આશરે 20% જેવો વધારો

ગુણોત્સવ 2.0 ના તમામ ડેટાનું 61 માપદંડો પર એક્રેડિટેશન બાદ એનાલિસિસ કરીને વિકાસ માટેનું આયોજન કરવા માટે શાળાઓને તેમનાં રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યાં







શિક્ષણને સમર્પિત 20 વર્ષ વધાવીએ, શાળા પ્રવેશોત્સવને ઉત્સાહથી ઉજવીએ

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઇન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો

### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:
## 90333 44426




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રાજકોટમાં ૯ જુલાઈએ વકીલો સાથે પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલનું મંથન

## ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો સંગાથ’ સૂત્રને સાર્થક કરવા તમામ વકીલોને સાથે રાખીને ચાલશું : અર્જુન પટેલ, અનીલ દેસાઈ


અનીલ દેસાઈ
(ભાજપ લીગલ સેલના સહકન્વીનર)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ ની મુલાકાતે પધારેલા ગુજરાત ભાજપ લીગલ સેલના સહકન્વીનર અનીલભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છના જીલ્લા અને તાલુકા કક્ષાએ પક્ષના વિચારધારા સાથે સંકળાયેલા વકીલોનું મજબુત સંગઠન બનાવવામાં આવશે. વકીલોને કોઈ પ્રશ્નો હોય તો અમારૂ ધ્યાન દોરે. વકીલોના પ્રશ્નો પ્રત્યે વાચા આપવામાં આવશે.

રાજકોટ ખાતે આગામી તા.૯ જુલાઈના રોજ પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ સાથે વકીલો સાથે વિચાર ગોષ્ઠિ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ૨ હજારથી વધુ વકીલો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ આદરી દિધી છે. અનીલભાઈએ વધુમાં કહ્યું હતું કે, ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો સંગાથ’ સૂત્રને સાર્થક કરવા તમામ વકીલોને સાથે રાખીને ચાલશું.


રાજકોટ: અર્જુન પટેલ (રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ), રક્ષીત કલોલા (સરકારી વકીલ), પિયુષ શાહ (સિનિયર વકીલ) અને અનીલ દેસાઈ (ભાજપ લીગલ સેલના સહકન્વીનર) એ ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ ની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તે તસવીરમાં નજરે પડે છે.

ગુજરાત પ્રદેશ ભાજપના લીગલ સેલના સંયોજક એડવોકેટ જે.જે. પટેલે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે વિચાર વિમર્શ કરી તાજેતરમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મેમ્બર અને ગુજરાત પ્રદેશ ભાજપના પ્રદેશ સહ સંયોજક દિલીપભાઈ પટેલે પાર્ટીના આદેશ અને નિર્ણયોનું પાલન નહીં કરતા શિસ્તભંગ બદલ બંને સ્થાનો ઉપરથી દૂર કરવાનો નિર્ણય કરેલ હતો. તેના ભાગરૂપે ગુજરાત ભાજપ લીગલ સેલ દ્વારા સૌરાષ્ટ્રના સિનિયર ધારાશાસ્ત્રી અને રાજકોટ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ અનિલભાઈ દેસાઈની ગુજરાત ભાજપના લીગલ સેલના સહ સંયોજક તરીકે નિયુક્તિ કરાઈ છે. દેસાઈ રાજકોટની એ.એમ.પી. લો કોલેજમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કરી રાજકોટમાં ૧૯૮૪ થી રાજકોટના સિનિયર એડવોકેટ અને પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નમેન્ટ પ્લીડર (DGP) મનુભાઈ શાહના માર્ગદર્શન હેઠળ વકીલાતના વ્યવસાયમાં જોડાયા હતા. અને ૧૯૯૧ થી સ્વતંત્ર રીતે સિવિલ ક્રીમિનલથી સ્વતંત્ર રીતે સિવિલ ક્રીમિનલ કાયદામાં તેમની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી હતી.

૧૯૯૮ માં ગુજરાત સરકારે દેસાઈની રાજકોટ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ ગવર્નમેન્ટ પ્લીડર (DGP) તરીકે નિયુકિત કરેલી હતી. દેસાઈના આ કાર્યકાળ દરમ્યાન અગણિત કેસોમાં આરોપીઓને સજા અપાવેલ હતી. અને સેંકડો આરોપીઓની જામીન અરજી નામંજુર કરાવીને આરોપીઓને કારાવાસમાં મોકલી આપવામાં આવ્યા હતા. દેસાઈએ ૨૦૦૩ સુધી આ જવાબદારી સૂપેરે નીભાવી હતી. અને દેસાઈની કાર્યદક્ષતા નિષ્ઠા, પ્રામાણિકતા અને સાતત્યપૂર્ણ કામગીરીના કારણે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચારી કેસોમાં સ્પેશ્યલ પી.પી. તરીકે તેઓની નિયુક્તિ અગણિત કેસોમાં થતી રહે છે.

ઉપસ્થિત રહી ઢોલ-નગારા સાથે ખૂબ મોટી સંખ્યામાં ફટાકડા ફોડીને તમામ લોકોને મીઠા કરાવીને સહર્ષ વધાવી લેવામાં આવેલ અને આ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર કોર્ટ સંકુલમાં ખૂબ આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળેલ અને આ વાતાવરણ વચ્ચે રાજકોટ બાર એસોસિએશનની નીચે આવેલ બીજા અન્ય તમામ બાર એસોસિએશન ઓફ પણ આ સન્માન અને સ્વાગતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ અને આ કાર્યક્રમના અંતમાં રાજકોટ બાર એસોસિએશનના રૂમમાં રાજકોટ બાર એસોસિએશનની બોડી દ્વારા અનિલભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવેલ અને વિધિવત રાજકોટ બારના પ્રમુખ દ્વારા અર્જુન પટેલ આ નિમણૂંકને વધાવી લઇ તેઓનું સન્માન કરેલ. અને જણાવેલ કે હવે એક ખૂબ જ યોગ્ય વ્યકિત ખૂબ મોટા હોદ્દા પર આવેલ હોય રાજકોટના નાના વકીલોના પ્રશ્નો પ્રત્યે વાચા આપવામાં આવશે અને પ્રશ્નોનું નિરાકરણ થશેતે સિવાય પણ હોદ્દેદારો અને હોદ્દેદારો દ્વારા પણ અનિલભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવેલ.

## શહેર ભાજપ દ્વારા કટોકટી દિવસ અંતર્ગત મીસાવાસીઓનું સન્માન કરી ભાવવંદના કરાશેઃ મિરાણી



### વિજય રૂપાણી, જનકભાઈ કોટક, જીતુભાઈ શાહ, મનુભાઈ રાઠોડ, દિલુભા વાળા, વસંતભાઈ ખોખાણી,ચંદ્રકાન્તભાઈ મહેતા, વજુભાઈ વાળા, સહિતનાનું શાલ ઓઢાડી સન્માન કરાશે

### કાલે કટોકટી દિવસ અંતર્ગત શહેરના તમામ વોર્ડમાં ધરણા અને કાર્યાલય ખાતે વકતવ્ય યોજાશે

### દિવંગત મીસાવાસીઓના પરીવારનું પણ સન્માન કરી ભાવવંદના કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે ડો.શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ તેમજ તા.૨૫ જૂન કટોકટી દિવસના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે શહેર ભાજપ દ્વારા ૧૯૭૫ માં તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દીરા ગાંધીના કાર્યકાળ દરમ્યાન કટોકટી કાળ દરમ્યાન જેલવાસ ભોગવેલ મીસાવાસીઓનું ઘરે જઈને સન્માન કરાશે.

આવતીકાલે તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત કટોકટી સમયના મીસા કાયદાના પીડિતોને સન્માનવાના ભાગરૂપે શહેર ભાજપ દ્વારા મીસાવાસીઓ સર્વે વિજયભાઈ રૂપાણી, પ્રવીણભાઈ મણીયાર, ડો. પ્રફુલભાઈ દોશી,જનકભાઈ કોટક, જીતુભાઈ શાહ, હરગોવીંદભાઈ વ્યાસ, દર્શનાબેન પંડયા, ઠાકરશીભાઈ પટેલ, મનુભાઈ રાઠોડ, દિલુભા વાળા, વસંતભાઈ ખોખાણી, ધીરૂભાઈ ધામેલીયા, ચંદ્રકાંતભાઈ મહેતા, વજુભાઈ વાળા, જીતેન્દ્રભાઈ જાની, મુકુંદભાઈ પંડીત, પ્રવીણભાઈ રૂપાણી, ભુપતભાઈ દવે, હસમુખભાઈ દવે, કેશુભાઈ પટેલ, જયોતીન્દ્રભાઈ મહેતા, પ્રભુદાસભાઈ ખાખરીયા, ડો. હસમુખભાઈ ધ્રુવ, હીતેશભાઈ પંડયા, વલ્લભભાઈ અકબરી, જગદીશભાઈ પંડયા, સુરેશભાઈ રાણપરા, ગીરીશભાઈ ભટ્ટ, અરવિંદભાઈ મણીયાર, યશવંતભાઈ ભટ્ટ, રમેશભાઈ શુકલ, ચીમનભાઈ શુકલ, કાંતીભાઈ વૈદ્ય, રાજુભાઈ શુકલ, ભાનુભાઈ શુકલ, લક્ષ્મીદાસ ગણાત્રા, હબીબભાઈ જુમાણી, પ્રાણલાલ દોશી, કાકુભાઈ નથવાણી, નરેન્દ્રભાઈ જાની, મુકેશભાઈ સોનપાલ, રમણીકભાઈ વૈદ્ય, ખોડીદાસભાઈ પટેલ, ધનજીભાઈ આંબાભાઈ, હરીભાઈ હીરાણી, ગોધુમલ આહુજા, કાંતીભાઈ ભટ્ટ સહિતના મીસાવાસીઓનું ઘરે જઈ સન્માન કરવામાં આવશે.

ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, રાજયના મંત્રી અરવિંદ રૈયાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ, મોરચાના પ્રમુખ, ઉદય કાનગડ, મેયર ડો. પ્રદીપ ડવ, નિતીન ભારદ્વાજ, પુષ્કર પટેલ, રક્ષાબેન બોળીયા, ડો. દર્શીતાબેન શાહ, અતુલ પંડીત સહિતના અગ્રણીઓ મીસાવાસીઓના ઘરે જઈ શાલ ઓઢાડી સન્માનીત કરશે. અને મીસાવાસીઓના સન્માનના કાર્યક્રમની વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ સંભાળી રહ્યા છે.

## લાખોની નુકશાની જતા પટોળાની ચોરીનો પ્લાન ઘડનાર બે ચીખલીકર સહિત ૪ ઝડપાયા



### સવારે ૫ વાગ્યે સર્વેશ્વર ચોકમાં પહોંચી શટર ઉંચકી પટોળા ભરેલા થેલા ચોરી ગયા હતાઃ સીસીટીવી ફુટેજના આધારે ભેદ ઉકેલાયો, એકની શોધખોળ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ, તા., ૨૪:

મંગળવારે તા.૨૧મીની વહેલી સવારે સવેશ્વર ચોકમાં આવેલી વી.જે.સન્સ નામની પટોળાની દુકાનના શટર ઉંચકાવી અંદર પડેલા ૪૬,૯૩,૫૦૦ ની કિંમતના પટોળા, દુપટ્ટા, ચણીયા ચોલીના થેલાની ચોરી થયાની ઘટનાનો પર્દાફાશ ગણતરીના કલાકોમાં જ ક્રાઇમ બ્રાન્ચે કરી નાખી ચોરીનો પ્લાન ઘડનાર પટોળાના વ્યવસાયી હરી પાલજી ગોહીલ (ઉ.વ.૪૨) રહે. ખારાવાસની પાછળ, ગીતા પાર્ક, લીંબડી અને રાજકોટની સર્વોદય સોસાયટી, વિરાણી હાઇસ્કુલ પાછળરહેતા મનીષ વાલજીભાઇ જીતીયા (ઉ.વ.૩૫) ને ઝડપી લઇ ચોરીમાં સામેલ થયેલા સાહેબસિંઘ ઉર્ફે રાજુ રેવરસિંઘ ટાંક જાતે ચીખલીકર (ઉ.વ.૩૩, ધંધો ચશ્માની ફેરી, રહે. લખતર, ભૈરવપરા) અને સુજાનસિંઘ સંતોષસિંઘ ટાંક જાતે ચીખલીકર, (ઉ.વ.૩૨, ધંધો વાસણની ફેરી, રહે. મહેમદાબાદ, રેલ્વે સ્ટેશન સામે, જી.ખેડા) ને ઝડપી લઇ ચોરીનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

દોઢ માસ પુર્વે ઘડાયેલા ચોરીના પ્લાનમાં જોડાયેલા સતનામસિંઘ ઉર્ફે સત્યા જુણી (રહે. કલોલ) ની શોધખોળ ચાલુ છે. આજે આ બારામાં સાઇબર સેલના એસીપી વિશાલ રબારીએ પત્રકારોને માહિતી આપી હતી. ચોરીની ઉપરોક્ત ઘટના પ્રકાશમાં આવતા જ ક્રાઇમ બ્રાન્ચ સક્રિય થઇ ગઇ હતી અને સીસીટીવી ફુટેજના આધારે સમગ્ર ઘટનાનો પર્દાફાશ કરી નાખી બે વ્યવસાયી સહિત ચોર ટોળકીના ૪ને ઝડપી લીધા હતા. સફળ કામગીરી પોલીસ ઇન્સ્પેક્ટર વાય.બી.જાડેજા, પોલીસ ઇન્સ્પેકર જે.વી.ધોળા, સબ ઇન્સ્પેકટર એમ.જે.હુણ, સબ ઇન્સ્પેકટર એ.બી.વોરા, એએસઆઇ પ્રતાપસિંહ ઝાલા, બલભદ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ ઝાલા, કનકસિંહ સોલંકી, જયદેવસિંહ પરમાર, કિરતસિંહ ઝાલા, અશોકભાઇ કલાલ, દિપકભાઇ ચૌહાણ, પુષ્પરાજસિંહ, નગીનભાઇ ડાંગર, પ્રદીપસિંહ જાડેજા, ચેતનસિંહ ગોહીલ અને શૈલેષભાઇ કગથરાની ટીમે કરી હતી.

## સ્વ-સહાય જૂથ માટેના કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરના અધ્યક્ષસ્થાને હેમુ ગઢવી હોલ ખાતે પંડિત દીનદયાળ અંત્યોદય યોજના અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન અંતર્ગત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા આયોજિત સ્વ-સહાય જૂથો માટે બેંક લિંકેજ અન્વયે કેશ ક્રેડિટ આઉટરીચ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વસહાયના ૧૫ જૂથોને ૧ લાખથી લઈને ૧૩ લાખ ૫૦ હજાર સુધીનાં ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

## પડધરી તાલુકાના મોટી ચણોલ ગામે પ્રા.શાળામાં ૧૧ ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવતા કલેકટર



રાજકોટ તા. ૨૪ : રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના બીજા દિવસે કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોટી ચણોલ ગામે આંગણવાડી તેમજ પહેલા ધોરણમાં ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. શાળામાં રંગબેરંગી કપડામાં સજ્જ નાના બાળકો તેમના વાલીઓ સાથે પ્રથમ દિવસે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે શાળાનું સંકુલ બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યું હતું.

પ્રાથમિક શાળામાં પહેલા ધોરણમાં છ કુમાર અને પાંચ કન્યાઓનો તેમજ આંગણવાડીમાં ત્રણ કુમાર અને બે કન્યાનો મળી કુલ ૧૬ બાળકોએ આજે શાળામાં પ્રથમ દિવસે ક્લાસરૂમની ઉત્સાહભેર મુલાકાત લીધી હતી.

## ગ્રામવિકાસ ક્ષેત્રે નૂતન યોજના ‘ગો- કૃષિ ગૃહ ઉદ્યોગ સંઘ’નો પ્રારંભ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: જળક્રાંતિ, ગીર-કાંકરેજ ગોક્રાંતિ, ગાય ખાધારિત પ્રકૃતિક કૃષિ, ઉલ્યગ્રમ યોજનાના પ્રણેતા મનસુખભાઇ સુવાગીયાએ ફેકટરી,ઘર આરામ, મનોરંજન ત્યાગીને યુવાનીના ૨૪ વર્ષ રાષ્ટ્રને સમર્પિત કરીને યોજનાઓનો રાષ્ટ્રમાં વિસ્તાર કર્યો. મનસુખભાઇની ફ્લોટેક પંપ કંપનીમાં ગો-કૃષિ ગૃહ ઉદ્યોગ સંઘ સેમિનારનું આ યોજન કરવામાં આવ્યું હતું . જેમાં મનસુખભાઇ સુવાગીયાએ ગીર-કાંકરેજ ગોક્રાંતિ અને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિની સફળતા તેની પાછળ ઉભા થયેલા પ્રશ્નો અને ગો - કૃષિ ગૃહ ઉદ્યોગ સંઘ દ્વારા તેનું નિવારણ તેમજ દેશી ગોપાલન-ગાય આધારિત પ્રાકૃતિક કૃષિનો રાષ્ટ્ર વ્યાપી વિસ્તારની નવી યોજના રજુ કરી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs. +5%GST
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## શહેર ભાજપ યુવા મોરચાના મયંક કોટકનો આજે જન્મદિવસ



રાજકોટ: શહેર ભાજપ યુવા મોરચાના મયંક બીપીનભાઈ કોટક (લખન) નો આજે જન્મદિવસ છે. પોતાના જીવનના ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. તેમના દાદા અને ભાજપના પીઢ અગ્રણી તેમજ શહેરના પૂર્વ મેયર જનકભાઈ કોટકના પગલે જાહેર જીવન અને સેવાકીય કાર્યોમાં સતત સક્રિય રહી તેમની પાસેથી સતત માર્ગદર્શન મેળવતા રહ્યા છે ત્યારે આજે મયંક કોટક (લખન) ને તેમના જન્મદિવસના અવસરે તેમના પરીવારજનો, મિત્ર વર્તુળ, પાર્ટીના અગ્રણીઓ-કાર્યકર્તાઓ તરફથી તેમના મોબાઈલ નં.૯૦૧૬૦૪૦૯૮૯ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે. ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ પરિવાર તરફથી જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## વોર્ડ નં.૧૧ ભાજપના વોર્ડપ્રમુખ સંજય પીપળીયાનો આજે જન્મદિવસ



રાજકોટ: મહાનગરના વોર્ડ નં.૧૧ ના ભાજપના વોર્ડપ્રમુખ સંજય પીપળીયાનો આજે જન્મદિવસ છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે, ત્યારે સંજય પીપળીયાએ આજે પોતાના જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧ માં વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહયા છે. સરદાર ગૌશાળા, કોઠારીયા ગામના સદસ્ય અને ખોડલધામમાં પણ સભ્ય તેમજ પીપળીયા પરિવાર ટ્રસ્ટમાં પણ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના જન્મદિવસે પરીવારજનો, ભાજપ અગ્રણીઓ, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, મિત્રો, તરફથી તેમના મોબાઈલ નં. ૯૯૯૮૬૦૦૦૩૬ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે. ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
RECRUITMENT
DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
EXPERIENCE
WORKING HOURS
WALK IN INTERVIEW
Monday to Saturday
ADDRESS
122, Star Chambers,Harihar Chowk, Near Panchnath Mandir, Rajkot
Contact: +91 94097 57062
MALE AND FEMALE BOTH CAN APPLY

Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

Year:7, Issue: 218 Dt.24-06-2022 (Friday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ગોરંભાયેલ વાતાવરણઃ અસહ્ય ઉકળાટથી લોકો પરસેવે રેબઝેબ

## મહુવા-ફલ્લામાં ૧, તળાજામાં અડધો ઈંચ વરસાદ






(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા., ૨૪:

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ ગોરંભાયેલ વાતાવરણ યથાવત છે. આવા વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટનો અનુભવ થતા લોકો પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે.

ભાવનગર જીલ્લાના મહુવામાં એક, તળાજામાં અડધો ઇંચ વરસાદ પડયો છે. જયારે જામનગરના ફલ્લામાં પણ એક ઇંચ વરસાદ પડયો છે. સાર્વત્રિક વરસાદની જગ્યાએ કોઇ જગ્યાએ હળવો તો કોઇ જગ્યાએ ભારે વરસાદ પડી જાય છે. જામનગર તાલુકાના ફલ્લા ગામે આજે સાંજે પાંચ કલાકે જોરદાર પવનના સુસવાટા સાથે વરસાદનું આગમન થયું હતું અને અર્ધો કલાકમાં ૧ ઇંચ વરસાદ વરસી ગયો હતો.

ભાવનગર જિલ્લાના મહુવામાં એક ઈંચ વરસાદ પડ્યો છે. જયારે તળાજામાં અડધો ઈંચ વરસાદ પડ્યો છે.ભાવનગર શહેરમાં, પાલીતાણા, જેસર અને ગારિયાધારમાં છૂટોછવાયો વરસાદ પડયો છે. ભાવનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દરમિયાન દરમિયાન મહુવામાં ૨૪ મી.મી. ગારિયાધારમાં ૨ મી.મી. ભાવનગર શહેરમાં ૪ મી.મી.અને ઘોઘામાં ૩ મી.મી. જેસરમાં ૩ મી.મી.પાલીતાણામાં ૭ મી.મી. તળાજામાં ૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે. મોરબી જીલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળે છે જોકે હજુ મેઘરાજા મન મુકીને વરસ્યા ના હોય ત્યારે આજે જેતપર, અણીયારી ચોકડી અને માળિયા તાલુકાના ગામડાઓમાં તોફાની પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. માળિયા તાલુકાના સુલતાનપુર, ખાખરેચી, જુના ઘાટીલા સહિતના ગામો તેમજ અણીયારી ચોકડી, જેતપર સહિતના પંથકમાં તોફાની પવન સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું ધોધમાર વરસાદી ઝાપટું વરસતા ગરમીથી રાહત જોવા મળી હતી તો માળિયા પંથકના ખેડૂતો વાવણીલાયક વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે અને મેઘરાજા મન મુકીને વરસે તેવી આશા સાથે ખેડૂતો પ્રાર્થના કરી રહયા છે.

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં કાલે સવારથી જ વાતાવરણ ઘાબળછાયું હોય અસહ્ય બફારો અને ગરમી વચ્ચે બપોરે અઢી વાગ્યે મેઘરાજા એ એન્ટ્રી કરી હતી શરૂઆતમાં ભારે મેઘ ગર્જના અને વીજળીના ચમકારા બાદ ભારે પવન સાથે વરસાદે સટાસટી બોલાવતા રોડ રસ્તાઓ નદીઓમાં ફેરવાયા હતા. ચારેતરફ પાણી ફરી વળતા લોકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. વાવણી કરેલ મોલ ઉપર કાચું સોનુ વરસતું હોય એમ મેઘરાજા વરસી પડ્યા હતા. ખેડૂતો પણ ખુશહાલ જોવા મળ્યા હતા. વાતાવરણમાં હજુ ઉકળાટ અને વાદળો છવાયેલા હોય રાત્રી દરમિયાન વરસાદ પડવાની શક્યતા છે.

# અમદાવાદ સિવિલમાં સતત તબીબી હડતાલથી ગંભીર પરિસ્થિતિ

**બહારથી ડોકટરોને બોલાવાયા, ૬૦૦ જેટલા ઓપરેશન રદઃ સરકાર મક્કમ અને તબીબો પણ ઝૂકવા તૈયાર ન હોવાથી સિવિલમાં તંત્ર ઠપ્પ**

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૨૪

અમદાવાદની એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલમાં ૧૦ દિવસ કરતા વધુ સમયથી ચાલી રહેલી જુનિયર અને સિનિયર તબીબોની હડતાલનો હજુ સુધી કોઈ અંત આવ્યો નથી. પરિણામે સિવિલનું તંત્ર સદંતર ઠપ્પ થઇ ગયું છે. ૬૦૦ જેટલા ઓપરેશન રદ કરવા પડ્યા હોવાથી દર્દીઓની હાલત અત્યંત પીડાદાયક અને કફોડી બની જવા પામી છે. સરકાર અને તબીબો બંને પોતપોતાના પક્ષમાં અને હઠ પર કાયમ છે. આ બંનેની લડાઈમાં દર્દીઓની હાલત દયાજનક બની ગઈ છે.

આજે સરકાર અને આરોગ્ય વિભાગ રહી-રહીને જગ્યા હોય તેમ ગંભીર દર્દીઓનાં ઓપરેશન તથા નિદાન અને સારવાર માટે બહારથી તબીબો બોલાવવામાં આવી રહ્યા છે. બહારથી સર્જનોને બોલાવી ગંભીર દર્દીઓના ઓપરેશન શરૂ કરવામાં આવશે. એ માટે ૧૫ એનેસ્થીસીયા ડોકટરોને પણ બહારથી બોલાવવામાં આવી રહ્યા છે.

દરમ્યાન આટલી મોટી હોસ્પિટલમાં સારવાર માટે હજારો દર્દીઓ અને પરિવારજનોની હેરાનગતિ અને હાડમારીનો કોઈ પાર રહ્યો નથી. અમદાવાદ મહાનગરનાં અનેક સંગઠનો અને સેવાભાવી

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાષ્ટ્રપતિની ચૂંટણીઃ એનડીએનાં ઉમેદવાર તરીકે નામાંકન પત્ર ભરતા દ્રૌપદી મુર્મુ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ટોચનાં કેન્દ્રીય મંત્રીઓ, ભાજપનાં દિગ્ગજો અને એનડીએનાં તમામ મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિ**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્રૌપદીનાં નામનો પ્રસ્તાવ મુક્યો, બીજો પ્રસ્તાવ ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ રજુ કર્યો**



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૪

દેશના પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ બનવાની દિશામાં આજે ઓરિસ્સાનાં મહિના નેતા દ્રૌપદી મુર્મુએ પહેલું કદમ ભર્યું હતું. એનડીએનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે આજે દ્રૌપદી મુર્મુએ ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ સાથે રાષ્ટ્રપતિ પદનાં દેશના સર્વોચ્ચ હોદ્દા માટેનાં ચૂંટણી જંગની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. ચૂંટણી જંગમાં દ્રૌપદીની સામે વિપક્ષનાં ઉમેદવાર તરીકે યશવંત સિન્હાનું નામ જાહેર થયું છે પણ સંખ્યાબળ જોતા દ્રૌપદી મુર્મુનો ભવ્ય વિજય નિશ્ચિત મનાઈ છે. તેઓ દેશના પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ બનીને દેશના ઈતિહાસમાં એક નવા ઐતિહાસિક અધ્યાયનો પ્રારંભ કરશે.

આજે દ્રૌપદી મુર્મુએ નામ પત્ર ભર્યું ત્યારે વડાપ્રધાન સહિતનાં દિગ્ગજોની હાજરી રહી હતી. ઉમેદવાર તરીકે દ્રૌપદી મુર્મુનાં નામનો પહેલો પ્રસ્તાવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુક્યો હતો. જયારે એ નામના સમર્થનમાં બીજો પ્રસ્તાવ ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ રજુ કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથસિંઘ, ભાજપ અધ્યક્ષ નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા સહિતનાં તમામ કેબિનેટ મંત્રીઓ અને ભાજપનાં દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત એનડીએનાં તમામ મુખ્યમંત્રીઓ, ભાજપનાં ટોચનાં પદાધિકારીઓ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઓરિસ્સાનાં મુખ્યમંત્રી નવીન પટનાયક તથા આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ પણ દ્રૌપદી મુર્મુની ઉમેદવારીને ટેકો જાહેર કર્યો હતો. એમની ઉમેદવારીની જાહેરાતને સર્વત્ર આવકાર સાંપડી રહ્યો છે. એક આદિવાસીને દેશના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન કરવાના મોદી સરકારનાં ફેસલાને આદિવાસી સમાજ સહિત તમામ સમાજમાં જોરદાર રીતે વધાવી લેવામાં આવ્યો છે. કોંગ્રેસ સહિતનાં વિરોધ પક્ષોનાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીનાં ઉમેદવાર યશવંત સિન્હા ૨૭મી જૂને ઉમેદવારી પત્ર ભરશે એવું જાણવા મળ્યું છે.(૨.૧૨)

# અંતે અફઘાનિસ્તાન સાથે રાજદ્વારી સંબંધો પુનઃ સ્થાપિત કરતું ભારત

**ભારતે ભૂકંપગ્રસ્ત અફઘાનિસ્તાનને સહાય મોકલીઃ કાબુલમાં ભારતીય દૂતાવાસ ફરી ખુલ્યુ**



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૪

અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસન આવ્યાનાં ૧૦ મહિના બાદ ભારતે કાબુલ ખાતે ભારતીય એલચી કચેરી ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. સાથે- સાથે ભૂકંપગ્રસ્ત અફઘાનિસ્તાનને માનવતાનાં ધોરણે રાહત સામગ્રીનો જંગી પુરવઠો મોકલવામાં આવ્યો છે અને સહાય વિતરણનાં સંકલન તથા તેના વિતરણ માટે ખાસ ટેકનીકલ ટીમ પણ મોકલવામાં આવી છે.

તાલીબાનોએ અફઘાનિસ્તાન પર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ નાં રોજ કબ્જો કરી લીધા બાદ બીજા જ દિવસ ૧૬ ઓગસ્ટે કાબુલ ખાતે ભારતીય દૂતાવાસ બંધ કરી દેવામાં આવ્યું હતું. તત્કાલીન ભારતીય રાજદૂત આર.ટંડન અને અન્ય ભારતીય સ્ટાફને વાયુસેનાનાં વિમાન મારફત કાબુલથી સલામત ભારત લાવવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, અફઘાન પ્રજા સાથેનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક સદીઓ જુના સંબંધોને ધ્યાનમાં લઇ માનવતાનાં ધોરણે રાહતની

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી થશે



**રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગનો મહત્વનો નિર્ણયઃ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ઘટ દૂર કરવા નવી ભરતીને મંજૂરી, સ્નાતક યુવાનો માટે રોજગારીની વિપુલ તકો સર્જાઇ**

(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૨૪

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ હોવાની ફરિયાદો વારંવાર ઉઠી રહી હતી. અનેક શાળાઓમાં સેંકડો બાળકો વચ્ચે એક જ શિક્ષક હોવાની પરિસ્થિતિ પણ ઉભી થઇ હતી. આથી રાજ્ય સરકારે શિક્ષકોની ઘટ દૂર કરવા માટે પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. જેનાથી હવે બેકાર યુવાનોને રોજગારી પ્રાપ્ત કરવાની તકો ઉભી થશે.

શિક્ષણ મંત્રાલય દ્વારા ૧૦ હજાર પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયાને મંજૂરી આપી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સરકારે આપેલી મંજૂરી મુજબ જિલ્લા શિક્ષણાધિકારી હસ્તક ૩૯૫ પ્રવાસી શિક્ષકોની ભરતીની છૂટ અપાઈ છે. જયારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હસ્તક ૮૧૧૧ પ્રવાસી શિક્ષકોની ભરતી કરી શકાશે. જયારે મનપા વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૪૯૫ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. પ્રવાસી શિક્ષકોની એક વર્ષનાં ગાળા માટે ભરતી કરવામાં આવી રહી છે. તેમ જાણવા મળ્યું છે.

ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં નિયમિત શિક્ષકોની સંખ્યા અત્યારે ખૂબ જ ઓછી જોવા મળે છે. પરિણામે બાળકોનાં શિક્ષણ પર પ્રતિકુળ અસરો થઇ રહી છે. કેટલીક શાળાઓમાં તો એકપણ શિક્ષક વિના ગાડું ગબડાવવામાં આવતું હોવાનું પણ જાણવા મળ્યું છે. આ પરિસ્થિતિમાં બાળકોના ભવિષ્ય ખાતર એક વર્ષ માટે પ્રવાસી શિક્ષકો નિયુક્ત કરવાનો નિર્ણય લેવાયો છે.(૨.૧૨)

# ગીરમાં વરસાદ થતાં લહેરથી ચોમાસુ વેકેશન માણતા સાવજ



**ચોમાસામાં એશિયાનાં ગૌરવ સિંહ, સિંહણ અને સિંહબાળની મસ્તી અને મોજની છટા બિલકુલ અનેરી**

**પહેલા વરસાદ બાદ ગીરનું કુદરતી સૌંદર્ય પુરબહારમાં ખીલી ઉઠ્યું, ચોમાસામાં સાવજોનો સંવનન કાળ હોવાથી સહેલાણીઓ માટે અભયારણ્ય અને ગીર જંગલનાં દરવાજા હાલ બંધ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

એશિયાનાં ગૌરવ સમાન સાવજનાં એકમાત્ર સતાવાર નિવાસી સ્થાન ગીર અભયારણ્ય અને ગીર વન વિસ્તારમાં ચોમાસું શરૂ થઇ જતા જ પહેલા વરસાદને પગલે ગીર વનનું કુદરતી સૌંદર્ય પુર બહારમાં ખીલી ઉઠ્યું છે અને ગીરનાં સાવજો ખૂબ જ મસ્તી અને રંગત સાથે સહપરિવાર ચોમાસું વેકેશનની મજા માણી રહ્યા છે. સાવજોની સિંહણ અને સિંહબાળ સાથેની મસ્તીભરી અદાઓની અલભ્ય તસ્વીરો ખેંચવા માટે વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરો પડાપડી કરી રહ્યા છે અને પ્રયત્નો કરી રહ્યા છે. લાંબા ઝૂમ લેન્સ આધુનિક કેમેરાથી સાવજોની તસ્વીર ખેંચવામાં અને એમની તસ્વીર બહાર પાડવાનો પ્રયાસ થાય છે પણ સહેલાણીઓને તો અંદર જવાની મનાઈ હોય છે એટલે વનવિભાગ ક્યારેક-ક્યારેક આવી લાજવાબ તસ્વીરો બહાર પાડે છે.

અત્યારે સહેલાણીઓ માટે ગીર અભયારણ્યનાં દરવાજા બંધ છે. ચોમાસામાં અંદર જવાની મનાઈ હોય છે કેમકે ચોમાસા દરમ્યાન સાવજોનો સંવનન કાળ ચાલતો હોય છે. એટલે સાવજો ખૂબ જ મસ્તીના મિજાજમાં હોય છે. એટલે એમના આનંદ-ઉલ્લાસમાં ખલેલ પડે એવું સાવજો

(અનુ.પાના નં.૪ ઉપર)

# મહારાષ્ટ્રનું કોકડું વધુ ગુંચવાયુંઃ શિંદે અને ઠાકરે જૂથ વચ્ચે લડાઈ નિર્ણાયક તબક્કામાં

**બળવાખોર નેતા એકનાથ શિંદે અને તાનાજી સહિત ૧૨ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવા સ્પીકરને શિવસેનાનો સતાવાર પત્ર**

**એકનાથ શિંદેએ ૫૦ ધારાસભ્યોનાં ટેકાનો દાવો કર્યોઃ ગુવાહાટીથી મુંબઈ જવા નિકળ્યા બાદ અચાનક જવાનું માંડી વાળ્યું**

**ઉધ્ધવ ઠાકરેએ ખાસ બેઠક બોલાવીઃ શિવસેનાની લીગલ ટીમ વિધાનસભા પહોંચી, શિંદેએ ડેપ્યુટી સ્પીકરને પત્ર પાઠવી શિવસેનાનાં ૩૭ સભ્યો અને ૯ અપક્ષ સભ્યોનાં ટેકાનો દાવો કર્યોઃ મુંબઈમાં બેઠકોનો ધમધમાટ યથાવત**



(એજન્સી સમાચાર)
મુંબઈ, તા.૨૪

મુંબઈમાં શિવસેનાનાં વડા અને મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે સામે એમના પક્ષનાં નેતા એકનાથ શિંદેએ બળવો પોકાર્યા બાદ મહારાષ્ટ્રમાં સર્જાયેલી રાજકીય અનિશ્ચિતતા યથાવત રહી છે અને રાજકીય કોકડું વધુ ગુંચવાયું છે. આજે બંને જૂથોએ દાવા અને પ્રતિદાવા કરવાનું ચાલુ રાખ્યું હતું. શિવસેનાએ બાગી ધારાસભ્ય જૂથના શિંદે સહિતના ૨ સભ્યોને ગેરલાયક ઠરાવવા સતાવાર માંગણી કરી છે. તો બીજીતરફ એકનાથ શિંદેએ ડેપ્યુટી સ્પીકરને પત્ર લખી શિવસેનાના ૩૭ સભ્યો અને ૯ અપક્ષ સભ્યોના ટેકાનો દાવો કર્યો છે. આ રીતે મહારાષ્ટ્રનો રાજકીય સંગ્રામ ચરમસીમાએ પહોંચી ગયા છે.

શિવસેનાનાં સાંસદ સંજય રાઉતે આજે એવી તીખી ટકોર કરી હતી કે, ગુવાહાટી જનારા શિવસેનાનાં ધારાસભ્યો મુર્ખ છે. અમે આ લડાઈ જરૂર જીતુશું, હારવાના નથી.

દરમ્યાન ગુવાહાટીમાં બળવાખોર ધારાસભ્યોએ બેઠક યોજીને વિધાનસભા શિવસેના દળના નેતા તરીકે શિંદેને ચૂંટી કાઢ્યા હતા. શિંદે બપોરે ગુવાહાટીથી મુંબઈ જવા માટે રવાના થયા હતા પણ અચાનક કોઈ કારણોસર ગુવાહાટીમાં જ રોકાઈ રહ્યા હતા. શિંદેએ મહારાષ્ટ્રનાં ડેપ્યુટી સ્પીકરને પત્ર લખીને શિવસેનાના ૩૭ સભ્યો સહિત ૫૦ ધારાસભ્યોનું પોતાને સમર્થન હોવાનો દાવો કર્યો છે. બીજીતરફ શિવસેનાએ બળવાખોર શિંદે(અનુ.પાના નં.૪ ઉપર)

CMYK

# યુનિવર્સિટી રોડ ઉપર ગેરકાયદે કોમર્શીયલ બાંધકામો તોડી પડાયા






(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

શહેરનાં યુનિવર્સિટી રોડ ઉપર સવાણી કિડની હોસ્પિટલ નજીક સર્વે નં.૩૧૮ નાં પ્લોટ નં.૮૬ અને ૮૭ ની સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા ખાણી-પીણીનાં ૧૦ જેટલા રેસ્ટોરન્ટનું બાંધકામ તોડી પાડી અંદાજીત રૂ.૧૦ કરોડની કિંમતની ૭ હજાર ચોરસ મીટર જેટલી સરકારી પશ્ચિમ મામલતદાર જાનકી પટેલએ કહ્યું હતું કે, જો કોઈ દબાણકર્તા ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ કરવાની કોશિશ કરશે તો તેમના વિરૂધ્ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦ અન્વયે કડક કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુનાં માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે દબાણ કરીને બાંધકામ કરાયેલા કોમર્શીયલ બાંધકામોનું ડીમોલીશન કરીને ૭ હજાર ચોરસ મીટર જેટલી સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે.

**અંદાજીત રૂ.૧૦ કરોડની કિંમતની ૭,૦૦૦ ચો.મીટર સરકારી જમીન ખાલી કરાવતું જીલ્લા વહીવટ તંત્ર**

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી ભવનના ૧૦ છાત્રોએ બિન સચિવાલય પરીક્ષામાં સફળતા મેળવી

**સી.સી.ડી.સી.ની કામગીરીને બિરદાવતા કુલપતિ પ્રો.ભીમાણી**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી ભવન મારફત સરકારી નોકરીઓ માટેનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની નજીવી રજીસ્ટ્રેશન ફી સાથે સચોટ તાલીમ આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની સચોટ અને સફળ તાલીમ આપતું સી.સી.ડી.સી. ભવન રાજ્યભરનાં છાત્રોને ઘરે બેઠા બેઠા તાલીમ મળી રહે તે માટે દેશભરની વિશ્વવિદ્યાલયોમાં એકમાત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સી.સી.ડી.સી. ભવન મારફત ૫ યૂ - ટ્યૂબ ૫ ચેનલ શરૂ કરેલ છે અને તેની સાથે સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓ ફિઝીકલ તાલીમ લઈ શકે તે માટે રેગ્યુલર તાલીમવર્ગો અને કાર્યશાળાઓનાં સતત આયોજનો કરવામાં આવે છે . તાજેતરમાં જ બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ (વર્ગ -૩) ની પરીક્ષામાં સી.સી.ડી.સી.ના દસ છાત્રોએ ઝળહળતી સફળતા મેળવી સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કામગીરી બિરદાવેલ છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણી એ સરકારી નોકરી માટેની પ્રાથમિક બિન સચિવાલયની પરીક્ષામાં સફળતા મેળવનાર ૧૦ તેજસ્વી છાત્રો સર્વ વાઢેર કુલદિપસિંહ કે., ચૌહાણ જયરાજસિંહ આર., જાડેજા કુલદિપ વી., ખેર સંદિપ આર., લખવાણી પ્રિયા એસ., રાતડીયા પૂજા જે., ટાંક શ્વેતા એચ., સોનારા જયવીર વી., ટાંક અભિષેક એમ. અને પરમાર અજય જે. ને અભિનંદન પાઠવેલ છે અને ટીમ સી.સી.ડી.સી. ની કામગીરીને બિરદાવેલ છે.

ટીમ સી.સી.ડી.સી. ના સંયોજક પ્રો. નિકેશભાઈ શાહે સફળતા મેળવનાર છાત્રોને અભિનંદન આપતા જણાવેલ કે રાજ્ય કે રાષ્ટ્રીયકક્ષાની મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સી.સી.ડી.સી. માં આવતાં વિષય કે નિષ્ણાંતોની સચોટ માર્ગદર્શન અને છાત્રોની સફળતાપૂર્વકની મહેનતનાં કારણે સફળતા મળે છે. આ તાલીમ શિબીરને સફળ બનાવવા ટીમ સી.સી.ડી.સી. ના સર્વ સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કીડીયા, હીરાબેન કીડીયા, સોનલબેન વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

## વોર્ડ નં.૨ માં પેવિંગ બ્લોક નાખવાના કામનુ ખાતમુહૂર્ત કરતા મિરાણી, પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪



મનપાના વોર્ડ નં.૨માં વિમાનગર સોસાયટી ખાતે પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહુર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલના વરદ હસ્તે કરાયું. વિમાનગર સોસાયટીની શેરીઓમાં રસ્તાની સાઈડના પડખામાં પેવિંગ નાખવાની કામગીરી કરવામાં આવશે.

આ પ્રસંગે વોર્ડ નં.૦૨ના કોર્પોરેટરો ડો.દર્શિતાબેન શાહ, મનીષભાઈ રાડીયા, જયમીનભાઇ ઠાકર, મીનાબા જાડેજા, વોર્ડ પ્રભારી મનુભાઈ વઘાસીયા વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા તથા પૂર્વ કોર્પોરેટર જશુમતિબેન વસાણી, અનિલભાઈ મકવાણા, વિમાનગરના રહીશ તથા મ્યુનિસિપલ સેક્રેટરી ડો. એચ.પી. રૂપારેલીઆ તથા કોર્પોરેશનના ડે.એકઝી.એન્જી. એસ.એસ.ગુપ્તા તથા વોર્ડ અગ્રણી અજયસિંહ જાડેજા, ગુલાબસિંહ જાડેજા, કૌશીકભાઈ અઢિયા, જયરાજસિંહ જાડેજા, નિલેશભાઈ તરૈયા, જે.ડી.ઉપાધ્યાય, નિલેશભાઈ વ્યાસ, અતુલભાઈ નથવાણી, વિશાલભાઈ મહેતા, મહિપતસિંહ રાણા, વાલજીભાઈ શિંગાળા, રવિ રૂપારેલીઆ, માધવીબેન ઉપાધ્યાય, સીમાબેન અગ્રવાલ વિગેરે ઉપસ્થિત રહેલ.

## અર્હમ્ યુવા ગ્રુપ દ્વારા રવિવારે રાહતદરે ફૂલસ્કેપ ચોપડાનુ વિતરણ

**વિદ્યાર્થીએ માર્કશીટની નકલ અને ઓરીજનલ માર્કશીટ સાથે લાવવી જરૂરી: ૧ માર્કશીટ ઉપર ફક્ત ૮ ચોપડા મળશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ.મ.સા. પ્રેરિત અર્હમ્ યુવા સેવા ગ્રુપ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ઘરે- ઘરેથી પસ્તી એકઠી કરવામાં આવે છે અને તેમાંથી ભેગી થયેલી રકમમાંથી વિવિધ પરોપકારી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થઇ ગયું છે અને અભ્યાસ માટેનો ખર્ચ દિન પ્રતિ દિન વધતો જઇ રહ્યો છે. આવા સંજોગોમાં મધ્યમ વર્ગીય કુટુંબના બાળકો માટે અભ્યાસ ખર્ચ મોંઘો થતો જઇ રહ્યો છે. આવા કઠીન સંજોગોમાં પસ્તીમાંથી એકઠી થયેલ રકમમાંથી બાળકોને સહાયરૂપ થવા રાહતદરે ચોપડા (ફૂલસ્કેપ નોટબુક)નું વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૨૬ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી અર્હમ ફેશન, ૩, ગ્રાઉન્ડ ફ્લોર, અક્ષર બિલ્ડીંગ, લીંબુડીવાડી મેઇન રોડ, રૈયા રોડ, રેસકોર્ષ પાર્ક પાસે, એરપોર્ટ રોડ, દેના બેંક, કેનાલ રોડ, ઇશ્વરભાઇ ઘુઘરાવાળાની સામે, સાધુ વાસવાણી રોડ, ઓસ્કાર એપાર્ટમેન્ટ પાસે, નુતનનગર હોલ પાસે, કાલાવડ રોડ, કિંગ્ઝ પ્લાઝા, મહાવીર ચોક (એસ્ટ્રોન ચોક), સરદારનગર મેઇન રોડ ખાતે મળશે. ચોપડા લેવા આવો ત્યારે વિદ્યાર્થીએ માર્કશીટની નકલ અને ઓરીજીનલ માર્કશીટ સાથે લાવવી જરૂરી છે. ૧ માર્કશીટ ઉપર ફકત ૮ ચોપડા જ મળશે. આ સેવાકીય પ્રવૃતિમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે યથાશક્તિ ફાળો આપી શકો છો. આપના ઘરમાં રહેલી પસ્તી ડોનેટ કરવા આપ અમારો સંપર્ક મો. ૯૧૩૬૪ ૪૨૪૯૧ ઉપર કરી શકો છો. તેમ જણાવ્યું છે.(૧.૧૨)

### અવસાન નોંધ

મું.વઘાવીઃ (મું. ઉટંડી-) ના હાલ વઘાવી ગામના રામાનંદી સાધુ ડો.વાલદાસ વિઠ્ઠલદાસ કુબાવત(ઉ.વ.૮૫) તે મહેન્દ્રભાઈ કુબાવત તથા અરવિંદભાઈ કુબાવતના પિતા તથા કુલદીપ, હિમાંશુનાં દાદાનું તા.૨૨ ના રોજ અવસાન થયેલ છે.

રાજકોટઃ સ્વ.જયંતભાઈ પ્રાણલાલ ધુલીયા (ઉ.વ.૭૧) તેઓ કલ્પનાબેન ધુલીયાના પતિ, હેમલ તથા રિધ્ધિના પિતા નેહલ તથા મિતુલભાઈના સસરા અને શ્રેયના દાદા, કાન્તિભાઈ ચિનાયના જમા, તથા હિમાંશુભાઈ ચિનોયના બનેવી, સ્મિતાબેન જહાટડીયા, પ્રતિભાબેન મહેતા તથા કિર્તીદાનબેન પારેખના ભાઈનું તા.૨૪ ના રોજ અવસાન થયું છે. ઉઠમણું તા.૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રોયલપાર્ક ઉપાશ્રયમાં રાખેલ છે.

### સુજોક થેરાપીની પરિષદ સંપન્ન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૪: તાજેતરમાં રાજકોટ ખાતે દવા વગરની વૈકિલ્પક ચિકિત્સા પધ્ધતિ સુજોક થેરાપીની માતૃ સંસ્થા ઇન્ટરનેશનલ સુજોક એસો. દ્વારા રાજય કક્ષાની કોન્ફરન્સનું આયોજન થયેલ ડે.મેયર ડો દર્શિતાબેન શાહ મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.

## વોર્ડ નં.૯ માં પેવિંગ બ્લોકનું ખાતમુહૂર્ત કરતા ભાજપના અગ્રણીઓ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

મનપાના વોર્ડ નં. ૯ માં આવેલ ગુલમહોર રેસીડન્સી તથા આવકાર સોસાયટી મેઈન રોડ ખાતે રૂા.૯ લાખના ખર્ચે પેવિંગ બ્લોક કામનો પ્રારંભ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના વરદ હસ્તે તેમજ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમ પુજારા, શહેર ભાજપ મંત્રી રક્ષાબેન વાયડા, કોર્પોરેટરો જીતુભાઈ કાટોળીયા, દક્ષાબેન વસાણી, આશાબેન ઉપાધ્યાય, વોર્ડપ્રમુખ પ્રદિપ નિર્મળ, વોર્ડ મહામંત્રી વિરેન્દ્ર ભટ્ટ, હીરેન સાપરીયાની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવેલ. આ પ્રસંગે કુલદીપસિંહ જાડેજા, પ્રવીણ સેગલીયા, અરૂણાબેન પરમાર, દેવ ગજેરા, પાર્થ મોરસણીયા, રાજેન્દ્રસિંહ હુડા, મનસુખભાઈ જાગાણી, શૈલેષભાઈ જેઠવા, કલ્પેશ ભટ્ટ, અશોકભાઈ ધુલેશીયા તેમજ ગુલમહોર રેસીડન્સી તથા આવકાર સોસાયટીના લોકો શામજીભાઈ કગથરા, વલ્લભભાઈ પાંચાણી, અશ્વિનભાઈ કાસુંદ્રા, નયનભાઈ નાયકપરા, મનસુખભાઈ કકાસણીયા, જે.પી. સાહેબ, ભીખાલાલ, મુકુંદભાઈ, પ્રકાશભાઈ ડાંગર, જીત જાની, જૈમનભાઈ શીંગાળા, અશોકભાઈ આહીર, અરૂણભાઈ પટેલ, લાભશંકરભાઈ જોષી સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તાન્યાનો આજે જન્મદિવસ



ચોટીલાઃ ચોટીલા 'સૌરાષ્ટ્ર ક્રાંતિ' ના યુવા પત્રકાર તેમજ સામાજીક કાર્યકર મોહસીનખાન ડી. પઠાણ અને અનીસાબાનુની દીકરી તાન્યાનો આજે જન્મ દિવસ છે. પર્યાવરણ દિવસના મહિનામાં જન્મેલી તાન્યાના જન્મ દિવસની ઉજવણી પણ આજે પર્યાવરણ લક્ષી કામગીરી થકી કરવામાં આવશે. આજે તાન્યાના ચોથા જન્મદિવસની ઉજવણી રાજકોટ નજીક આવેલ ઝુંપડપટ્ટીના બાળકોના આશ્રય સ્થાન વિશ્વનીડ ગુરૂકુલ ખાતે ચાર વૃક્ષો ઉમરો, વડલો, જાંબુડો અને કદમ વાવીને કરવામાં આવશે. તાન્યાના જન્મદિવસ નિમિત્તે દાદા દિલાવરખાન, દાદી નસીમબેન નાની રશીદાબેન અને પઠાણ તથા ખોખર પરિવાર તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ મળી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

(અનુ. પાના નં.૩નુ ચાલુ)

### કોર્ટમાં કેસ પેન્ડીંગ હોવા છતાં ગેરકાયદે ઇ-મેમાની વસુલાત કરાતા પોલીસ તંત્રને કાનુની નોટીસ

ટ્રાફીક વિભાગ, રાજકોટ શહેર પોલીસે મેસેજ ફરતાં કર્યા છે, આમ, આપના દ્વારા જે મેસેજ રાજકોટની કાયદાથી અજ્ઞાત જાહેર જનતાને મોકલવામાં આવી રહેલ છે, તેમાં કયાંય કયાં અને કેટલાં જુના ઇ-મેમો કે ઇ-ચલણની રકમ બાકી છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી તેમજ અમોને મળેલ માહિતી મુજબ જયારે આ ઇ-મેમો કે ઇ-ચલણ ભરવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે ૬ માસ જુના એટલે કે મુદત બહારના ઇ-મેમો કે ઇ-ચલણની રકમ ભરવાનો પણ આગ્રહ રાખવામાં આવે છે કે તે રકમ ભરવાનું પણ કહેવામાં આવે છે અન્યથા વાહન ડીટેઇન કરવાની ગેરકાયદેસર રીતે ધમકીઓ આપવામાં આવે છે. ઉપરોકત તમામ હકિકત ના. ફોજદારી કોર્ટના ફો. ન. અ. નં. ૭૨-૨૦૨૧ માં ઑક -૭ હેઠળ થયેલ હુકમનો આઉટ રાઇટ ક્રિમીનલ કન્ટેમ્પ છે. અને તે રીતે રાજકોટની સામાન્ય અને કાયદાથી અજ્ઞાત જાહેર જનતાને અનડયુ પ્રેસરાઇઝ કરવામાં આવી રહેલ છે.ફોજદારી કોર્ટના હુકમ મુજબ અનડીસ્પોઝડ મેમો કે જે સમયમર્યાદામાં છે, તેની વસુલાત સારૂ એન. સી. ફાઇલ ન કરવા પડે તે હેતુથી આપના દ્વારા કે આપના તાબાના અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રીત રસમો અપનાવી જાહેર જનતાને મેસેજ મોકલી ખોટુ અને ગુન્હાહીત દબાણ કરવામાં આવી રહેલ છે.ઉપરોકત તમામ સંજોગોમાં તમોને આ નોટીસ આપી આખરી તાકીદે કરવામાં આવે છે કે, આ નોટીસ મળ્યે તાત્કાલીક અસરથી ઇ-મેમોની દંડની વસુલાત વાસ્તેની ગેરકાયદેસર રીતરસમો બંધ કરવાની તેમજ જાહેર જનતાને ભરમાવતા ખોટા મેસેજ ફોરવર્ડ કરવાની કાર્યવાહી તાત્કાલીક બંધ કરશો અન્યથા ના. ફોજદારી કોર્ટના ક્રિમીનલ કન્ટેમ્પટ અંગે તમો બધા સામે કાયદેસર કાર્યવાહી કરવાની ફરજ પડશે, જેની સ્પષ્ટ નોંધ લેશો. તેમ નોટીસમાં જણાવાયું છે.

### અમદાવાદ સિવિલમાં સતત તબીબી હડતાલથી ગંભીર પરિસ્થિતિ

સંસ્થાઓએ જનહિતમાં હડતાલનો સુખદ અંત લાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને વિનંતી કરી છે. તબીબી સેવાઓ જેવી લોકોનાં જીવનને લગતી અત્યંત મહત્વની સેવાઓ ખોરવાઈ ગઈ હોવા છતાં આરોગ્ય વિભાગનાં પેટનું પાણી હલતું નથી એ હકીકત સામે પ્રચંડ લોકરોષ જાગી ઉઠ્યો છે. સરકાર તબીબો સામે કોઈ કડક કાર્યવાહી કરતી નથી કે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી શકી નથી. આ રીતે ગંભીર દર્દીઓનાં જાન જોખમમાં મૂકી દેવામાં આવ્યા છે.(૨.૧૨)

### અંતે અફઘાનિસ્તાન સાથે રાજદ્વારી સંબંધો પુનઃ સ્થાપિત કરતુ ભારત

સામગ્રી મોકલવામાં આવી છે અને તેનું અસરકારક વ્યવસ્થિત વિતરણ થાય એ માટે ખાસ ટેકનીકલ ટીમ કાબુલ મોકલવામાં આવી છે અને આપણું દુતાવાસ પણ ખોલવામાં આવ્યું છે. આપણી એલચી કચેરીમાંથી ભારતીય ટીમ રાહત સામગ્રીનાં વિતરણ પર નજર રાખશે. ભારતીય ટીમ દ્વારા તાલીબાન તંત્રનાં વરિષ્ઠ સભ્યો સાથે મુલાકાત કરવામાં આવી હતી અને સુરક્ષા પરિસ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ જે.પી.સિંઘે ભારતીય ડેલીગેશનની આગેવાની લીધી હતી.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### મહારાષ્ટ્રનું કોકડું વધુ ગુંચવાયુંઃ શિંદે અને ઠાકરે જૂથ વચ્ચે લડાઈ નિર્ણાયક તબક્કામાં

તાનાજી સાવન સહિત શિવસેનાનાં ૧૨ સભ્યોને સભ્યપદેથી ગેરલાયક જાહેર કરવા ડે.સ્પીકર સમક્ષ પત્ર પાઠવીને માંગણી કરી છે. આજે મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેએ બપોર બાદ શિવસેના ભવન ખાતે ખાસ બેઠક બોલાવી છે. શિવસેનાનાં તમામ ધારાસભ્યો અને તમામ જિલ્લા પદાધિકારીઓને બેઠકમાં હાજર રહેવા માટે સંદેશા અપાઈ ગયા છે. આથી શિવસેના ભવનની આસપાસ જંગી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. આ બેઠકમાં શું નિર્ણય લેવાય છે તેના પર સહુની મીટ મંડાઈ છે. મહારાષ્ટ્રનાં પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપનાં નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે ફરી દિલ્હી દોડી ગયા હતા. એમના બંગલે ભાજપનાં નેતાઓની બેઠક બાદ તેઓ દિલ્હી રવાના થયા હતા. આ રીતે મહારાષ્ટ્રનાં રાજકારણમાં હજુ કશું ચિત્ર સ્પષ્ટ થતું નથી. અનેક શક્યતાઓ પર ચર્ચા થઇ રહી છે. આગામી દિવસોમાં નવાજૂની થવાના પુરા એંધાણ દેખાઈ રહ્યા છે. આજે દિવસભર મુખ્યમંત્રીનાં દાદર ખાતેનાં પોતાના નિવાસી સ્થાન માતોશ્રી પર સન્નાટો છવાઈ રહેલો હતો. જયારે શિવસેના ભવનમાં બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. ઉધ્ધવ ઠાકરે આજે બોલાવેલી બેઠકમાં એમના પુત્ર આદિત્ય ઠાકરે પણ હાજરી આપવાના છે તેમ જાહેર થયું છે.(૨.૧૨)

(અનુ. પાના નં.૩નુ ચાલુ)

### ગીરમાં વરસાદ થતા લહેરથી ચોમાસું વેકેશન માણતા સાવજ

જરાય ઈચ્છતા નથી એટલે એમની નજીક જનારા પણ હુમલો પણ કરી શકે છે. આ સમયગાળામાં ખાસ કરીને સિંહણો ખૂબ આક્રમક મિજાજમાં હોય છે. એટલે વન કર્મચારીઓ પણ આ સમયગાળામાં એમની નજીક ફરકતા નથી. વરસતા વરસાદમાં પોતાના સિંહબાળ સાથે સાવજની ધીંગામસ્તી અનેરા દ્રશ્યો સર્જે છે. પણ ચોમાસામાં આપણે કમનશીબે અંદર જઈને જોઈ શકતા નથી. કેટલાક વન્ય જીવ તસ્વીરકારોએ જાનનાં જોખમે સાવજનાં ચોમાસું વેકેશનની ધીંગામસ્તી ઝીલી હોય છે. એ તસ્વીરો ક્યારેક બહાર આવી જતી હોય છે. અત્યારે ગીરમાં કુદરતી સૌંદર્ય પણ પુરબહારમાં ખીલી ઉઠ્યું છે. જે ચીતાકર્ષક નજરો પૂરો પાડે છે. ચારેતરફ લીલીછમ ચાદર પથરાઈ ગઈ હોય એ રીતે ઘાસ ઉગી નીકળ્યું છે. તાજું સ્નાન કર્યું હોય એ રીતે વરસાદમાં ન્હાઈને વૃક્ષો વધુ તરોતાજા અને ચોખ્ખા ચટ્ટ દેખાઈ છે. ગીરમાં નાના-નાના ઝરણા અહ્લાદક દ્રશ્યો પુરા પાડે છે. સોરઠ કઈ અમસ્તો કવિઓ, ચારણો અને સાહિત્યકારો માટે પ્રિય રહ્યો નથી, સોરઠને લીલી નાઘેરનું બિરુદ આપવામાં આવ્યું છે. એ તેના અમાપ અને અફાટ અભૂતપૂર્વ કુદરતી સૌંદર્યને આભારી છે. આનો લ્હાવો લેવો એટલે જીવનની યાદગાર ક્ષણો બની રહે છે. ચોમાસા પછી તુરંત જ એટલે જ સહેલાણીઓ ગીરનાં સૌંદર્યને મનભરીને માણી લેવા માટે જોરદાર ધસારો કરતા હોય છે.(૨.૧૨)

## તંત્રી સ્થાનેથી...

### નવો પોલિયો વાયરસ મળતા ડબ્લ્યુએચઓએ કર્યા સાવધાન

લગભગ બે દાયકા પહેલા યુકેમાંથી પોલિયોની બીમારી ખતમ થઈ ગઈ હતી. ત્યાર બાદ માનવીમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી. ડબ્લ્યુએચઓએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, વાયરસ ફક્ત પર્યાવરણીય નમૂનાથી અલગ કરવામાં આવ્યો છે. વધુમાં કહેવામાં આવ્યું છે કે, તાજેતરના ભૂતકાળમાં લકવાના કોઈ સંબંધિત કેસ મળી આવ્યા નથી. જણાવી દઈએ કે, હાલના વર્ષોમાં વૈશ્વિક સ્તર પર પોલિયોને નાબૂદ કરવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ૧૯૮૮થી અત્યાર સુધીમાં પોલિયોના કેસમાં ૯૯ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ૧૨૫ દેશોમાં પોલિયો ફાટી નીકળ્યો હતો અને વિશ્વભરમાં ૩૫૦,૦૦૦ કેસ નોંધાયા હતા. પોલિયોવાયરસનો ખતરનાક વેરિએન્ટ હવે માત્ર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જ હાજર છે. ૨૦૦૩માં યુકેને પોલિયો મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ અહીં કોઇ નવા કેસ સામે આવ્યા નથી. જોકે પોલિયો સહિત અન્ય ખતરનાક બીમારીઓ પર લાંબા સમયથી નજર રાખવામાં આવી રહી છે. બ્રિટનની હેલ્થ પ્રોટેક્શન એજન્સીએ આ જ ક્રમમાં ફેબ્રુઆરી અને મે મહિનામાં સુએજ વેસ્ટવોટરના સેમ્પલ લીધા હતા. તપાસ દરમિયાન આ વાયરસ મળી આવ્યો છે. ઓરલ પોલિયો રસી (ઓપીવી) આંતરડામાં પ્રતિકૃતિઓ બનાવે છે અને ફેકલ-દૂષિત પાણી દ્વારા સરળતાથી અન્ય લોકોમાં સંક્રમણ ફેલાઇ શકે છે. આનો અર્થ એ છે કે, જે બાળકને રસી આપવામાં આવી છે તેને વાયરસથી કોઈ નુકસાન નહીં થાય. પરંતુ જ્યાં ગંદકી છે અને રસીકરણની સંખ્યા ઓછી છે ત્યાં તેની ખરાબ અસર જોવા મળી શકે છે. પોલિયો નાબૂદી નિષ્ણાંત કેથલીન ઓથરેઈલીએ ચેતવણી આપી હતી કે, લંડનના ગટરના નમૂનાઓમાં મળી આવેલી શોધ સૂચવે છે કે પોલિયોવાયરસનો સ્થાનિક ફેલાવો થઈ શકે છે, સંભવતઃ એવી વ્યક્તિઓમાં કે જેમને પોલિયો સામે રસી આપવામાં આવી નથી. આ વાયરસના વધુ ફેલાવાને રોકવાનો સૌથી અસરકારક રસ્તો એ છે કે, નાના બાળકો માટેના રસીકરણના ઈતિહાસની તપાસ કરવી. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે, લંડનમાં પોલિયો રસીકરણનું કવરેજ આશરે ૮૭ ટકા છે.લંડનમાં સીવેજના નમૂનાઓમાં પોલિયોવાયરસ હોવાનું જાણવા મળ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને બ્રિટિશ સ્વાસ્થ્ય અધિકારીઓએ આ અંગે જાણકારી આપતા કહ્યું કે, વેક્સીનથી પ્રાપ્ત એક પ્રકારનો પોલિયો વાયરસ મળી આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ મામલે હજુ તપાસ ચાલી રહી છે. યુકેમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### મ્યુ. કમિશનરના કાર્યકાળની સિધ્ધિઓની આછેરી ઝલક

# રાજકોટ મનપાના કમિશનર તરીકે એક વર્ષ પૂર્ણ કરતા અમિત અરોરા

### પાંચ ઓવરબ્રિજનું કામ ગતિમાં, લક્ષ્મીનગરમાં શાનદાર અંડરબ્રિજનું નિર્માણઃ ૨૦૨૧-૨૨ માં પહેલીવાર સૌથી વધુ વેરા વસુલાત, પહેલીવાર ઓનલાઈન કલેક્શન ૧૦૦ કરોડ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકામાં કમિશનર તરીકે અમિત અરોરાએ તા. ૨૪/૦૬/૨૦૨૧ના રોજ ગુરૂવારે ચાર્જ સંભાળ્યા બાદ આજે એક વર્ષ પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે તેમના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં થયેલ કામગીરીને એક આછેરી ઝલક અત્રે પ્રસ્તુત કરી છે.

કોવિડ વેક્સિનેશનને પ્રાધાન્ય કમિશનર તરીકે ચાર્જ સંભાળતી વખતે અમિત અરોરાએ રાજકોટમાં કોવિડ વેક્સિનેશનને પ્રાધાન્ય આપવાની વાત કરી હતી અને તેમણે આ મહત્વપૂર્ણ કામગીરીને ટોચની અગ્રતા આપી છે. જેના પરિણામે આજ સુધીમાં ૧૮ વર્ષથી મોટી વયના કુલ ૧૩૧૩૩૮૭ નાગરિકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ, ૧૧૮૭૧૧૨ લોકોને બીજો ડોઝ, ૮૪૪૪૧ લોકોને પ્રિકોશન ડોઝ, તેમજ ૧૨ થી ૧૫ વર્ષના બાળકોને પ્રથમ અને બીજો ડોઝ એમ કુલ ૧૯૫૯૨૧ બાળકોને વેક્સિનેશનમાં આવરી લેવામાં આવેલ છે. જેમાં તા.૨૧/૦૬/૨૦૨૧ થી તા,૨૩/૦૬/૨૦૨૨ સુધીમાં ૭,૫૫,૪૫૬ લોકોને પ્રથમ ડોઝ, ૧૧,૨૬,૨૭૩ લોકોને બીજો ડોઝ અને ૯૫૯૪૭ લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવેલ છે. કમિશનરએ ૯૦ થી વધુ સાઈટ વિઝિટ કરી. કમિશનરએ ત્રણેય ઝોનમાં **'વન વિક વન રોડ'** ઝૂંબેશ હાથ ધરી વિવિધ પ્રકારની કામગીરી કરાવી હતી. જેમાં ટેક્સ બ્રાંચ દ્વારા રૂ.૧૦.૬૨ કરોડ જેવી વસૂલાત કરવામાં આવી હતી.

જ્યારે બાંધકામ, વોટર વર્કસ અને ડ્રેનેજ શાખા દ્વારા સ્ટ્રોમ વોટર મેનહોલ સફાઇ, ડ્રેનેજ મેન હોલ સફાઇ, પાણીની વાલ્વ ચેમ્બર સફાઇ, ફુટપાથ રીપેરીંગ, પેવીંગ બ્લોક રીપેરીંગ, ફુટપાથ રોડ લેવલ, રોડ રીપેરીંગ અને રબ્બીશ ઉપાડવાનું કામ કરવામાં આવેલ. ટીપી શાખા દ્વારા કુલ ૮૭ બિલ્ડીંગમાં પાર્કિંગ + ૦.૦૦ લેવલ કરાવેલ, ૭૩૯ સ્થળોએ માજીર્ન સ્પેસમાં કરવામાં આવેલ કાયમી / પતરાનું દબાણ દુર કરાવેલ, ચાલુ કન્સ્ટ્રકશનની ૨૧ સાઇટમાં ગ્રીન નેટ કરાવેલ અને ૧,૬૪,૫૬૦.૨૧ ચો. ફૂટ જગ્યામાં પાર્કિંગની જગ્યા ખુલ્લી મુકવામાં આવેલ. રોશની શાખા દ્વારા બંધ લાઈટ રિપેરિંગ, ટ્રાફિક સિગ્નલ ચકાસણી, અને ડિમોલીશન સબબ ઈલેક્ટ્રિક સર્વિસ વાયર દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. **-: એક વર્ષમાં પ્રાપ્ત થયેલ એવોર્ડની વિગત :-** One Planet City Challenge અંતર્ગત રાજકોટ શહેરને નેશનલ કેપિટલ ઓફ ઇન્ડિયા-૨૦૨૨નો ખિતાબ મળ્યોઃ આ પહેલા પણ ૨૦૧૬, ૨૦૧૮ અને ૨૦૨૦માં પણ ખિતાબ મળેલ, રાજકોટ મહાનગરપાલિકાની ફાયર સર્વિસ ટીમની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત, કલાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક (CSCAF) અંતર્ગત રાજકોટએ ૪ સ્ટાર મેળવ્યાઃ

### મહાનગરની કાયાપલટ માટે અનેક સફળ યોજનાઓ અમલમાં વન વિક, વન રોડ ઝુંબેશ, મનપાનાં ૧૮૯૭ અને રૂડાનાં ૧૯૮૨ આવાસોનું લોકાર્પણ

૧૨૬ શહેરોમાંથી માત્ર ૯ શહેરોને ૪ સ્ટાર રેટિંગઃ ગુજરાતમાંથી રાજકોટ ઉપરાંત અમદાવાદ અને સુરતની પસંદગી, સ્માર્ટ સિટિઝ મિશન દ્વારા ઇન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જ હેઠળ દેશના ૧૧૩ શહેરોમાંથી પસંદ પામેલા ટોપ-૧૧ શહેરોમાં રાજકોટની પસંદગી થઇઃ રૂપિયા ૦૧ કરોડનો પુરસ્કાર, સ્વચ્છ સર્વેક્ષણ -૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશમાંથી કુલ ૪૩૨૦ શહેરોમાંથી રાજકોટ શહેરનો ૧૧ મો ક્રમઃ Best Citizen Led Initiative Categorમાં એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં પ્રથમ સ્થાનઃ ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને થ્રી સ્ટાર સર્ટીફિકેટ, રાજકોટ મહાનગરપાલિકાના હાઉસીંગ પ્રોજેક્ટને Eletes Innovation Project કેટેગરીમાં એવોર્ડ તથા સર્ટીફીકેટ એનાયત, One Planet City Challenge અંતર્ગત રાજકોટ શહેરને નેશનલ કેપિટલ ઓફ ઇન્ડિયા-૨૦૨૨નો ખિતાબ મળ્યોઃ આ પહેલા પણ ૨૦૧૬, ૨૦૧૮ અને ૨૦૨૦માં પણ ખિતાબ મળેલ. રાજકોટ મહાનગરપાલિકાની ફાયર સર્વિસ ટીમની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત.

### રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગના સ્ટાફની સતર્કતાના પરિણામે

# ગુમ થયેલ સગીર વયની બાળકીને વિખૂટા પડેલા સ્વજનોને સોંપાઈ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગના સ્ટાફની સતર્કતાના કારણે ગુમ થયેલી સગીર બાળકીને છૂટા પડેલા સ્વજનો સાથે મેડવવામાં આવી હતી. વધુ વિગતો આપતા, રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું કે, ૧૩ વર્ષની બાળકી બપોરે ૧ વાગ્યે રાજકોટ સ્ટેશન પર આવેલી ઈન્કવાયરી ઓફિસમાં દિલ્હીની ટિકિટ લેવા માટે આવી હતી. બાળકીની હાલત અને હાવભાવ જોઈ ફરજ પરની જીજ્ઞાબેન ઉપાધ્યાય- રિઝર્વેશન સુપરવાઈઝરને શંકા ગઈ અને તેણે તાત્કાલિક આ બાળકી વિશે ચાઈલ્ડ હેલ્પ લાઈનના સ્ટાફને જાણ કરી. તપાસ દરમિયાન ચાઈલ્ડ હેલ્પલાઈનને જાણવા મળ્યું કે, બાળકી ઘરેથી એકલી નીકળી ગઈ હતી અને તેના માતા-પિતાને પણ ખબર નહોતી. ચાઈલ્ડ હેલ્પલાઈન સ્ટાફે બાળકીના દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ આરપીએફ રાજકોટના સબ ઈન્સ્પેક્ટર નાઝનીન મન્સૂરી અને ચાઈલ્ડલાઈન કોઓર્ડિનેટર નિરાલી રાઠોડ દ્વારા બાળકીને તેના પિતા અને દાદીને સોંપવામાં આવી હતી. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈન અને સિનિયર ડીસીએમ અભિનવ જેફે સંબંધિત વાણિજ્ય વિભાગના કર્મચારીની તકેદારી, સમજણ અને સતર્કતાની પ્રશંસા કરી છે.(૧૩)

### કલેઈમ બારના સિનિયર ધારાશાસ્ત્રી જયપ્રકાશ ત્રિવેદીનો આજે જન્મદિવસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ રાજકોટના કલેઈમ બારના જાણીતા ધારાશાસ્ત્રી જયપ્રકાશ ત્રિવેદીના જન્મદિવસે બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન દિલીપ પટેલ, કલેઈમ બારના પૂર્વ પ્રમુખ રાજેશ મહેતાએ જન્મદિવસની શુભેચ્છા પાઠવેલ હતી. જયપ્રકાશભાઈ ગુજરાતની તમામ ઇન્સ્યુરન્સ કંપનીનાં એડવોકેટ દરજ્જે ઘણા વર્ષથી કાર્યકર છે. જુદી-જુદી વિમા કંપનીઓએ ખૂબ જ સારી કામગીરી બદલ એવોર્ડ આપેલ હતો અને જયપ્રકાશભાઈને ફોરેન મોકલેલ અને ત્યાં એવોર્ડ મળેલ. ભારતભરના વકીલો પૈકી જયપ્રકાશ ત્રિવેદીને આ ગૌરવ એવોર્ડ પ્રાપ્ત થતા વકિલો એજન્સી નિમિતે વિમા કંપનીઓએ અને શુભેચ્છકોએ તેમના મો.૯૮૨૫૪૭૮૫૬૦ પર શુભેચ્છા પાઠવેલ હતી.

# હળવદઃ નગરપાલિકાના ચીફ ઓફિસરને મોરબી-રાજકોટ વચ્ચે અકસ્માત નડ્યો,આબાદ બચાવ



(શિવ મયુર દ્વારા)

હળવદ, તા.૨૪

હળવદ નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત ત્રણ વ્યકિતઓ હળવદથી રાજકોટ જતી વેળાએ મોરબી પાસે અચાનક પાછળથી ગાડી ઓવર ટેક કરતા નગરપાલિકાના ચીફ ઓફિસરની સ્કોર્પિયો કાર નીચે ઉતરી જતાં અકસ્માત સર્જાયો હતો. સદનસીબે મોટી દુર્ઘટના બનતી ટળી હતી. કારમાં સવાર ચીફ ઓફિસર સહિત ત્રણ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે. તંત્ર રાહતનો શ્વાસ લીધો હતો

જાણવા મળતી માહિતી મુજબ હળવદ નગરપાલિકાના ચીફ ઓફિસર પાંચાભાઇ માળી એન્જીનિયર ભૌતિક કૈલા અને અન્ય એક વ્યકિત મળીને નગરપાલિકાની સ્કોર્પિયો કારમાં બેસીને રાજકોટ જતા હોય તે સમયે અચાનક પાછળથી ગાડી ઓવર ટેક કરતા સ્કોર્પિયો કાર નંબર GJ-36-G-0376 નીચે ઊતરી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત ત્રણેયનો આબાદ બચાવ થયો હતો.(૧૩)

### મહિલા પોલીસ મથકમાં બે મહિલાને ત્રાસ આપ્યાની નોંધાતો ગુનો

# તું આખો દિવસ ખાટલામાં પડી રહે છે, હાથી જેવી જાડી થઈ ગઈ કહી પરિણીતાને ત્રાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

શહેરના નવાગામ માવતરે રહેતી કોટડાસાંગાણીના શિશક બંધીયા ગામની ભૂમિકાબેન ચિરાગભાઈ મારૂએ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે પતિ ચિરાગ, સસરા ગોરધનભાઈ મારૂ, સાસુ રસીલાબેન, દેર નરેશ, દેરાણી ગીતા અને મામાજીના પુત્ર મહેશ નાગજીભાઈ કાચાના નામ આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન ૧૪ વર્ષ પહેલા ચિરાગ સાથે થયા હતા દરમ્યાન સંતાનમાં બે પુત્રી હોવાનું જણાવ્યું હતું.

ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, તેના દેરના લગ્ન બાદ દેરાણી સાથે રહેતા હતા અને અવારનવાર તેની સાથે કામ બાબતે ઝઘડા થતા હોય પતિ સહિતના સાસરિયાઓ મારફૂટ કરતા હોવાનો અને દેરાણીને ત્યાં પુત્રનો જન્મ થતા તેને સાસરિયાઓ સારી રીતે રાખતા અને હું આખો દિવસ ખાટલામાં પડી રહે છે હાથી જેવી જાડી થઇ ગઈ છો કહી ત્રાસ આપતા હોય તેમજ મામાજીનો પુત્ર મહેશ કાચાએ ચડામણી કરી કહ્યું કે ભૂમિકાને કાઢી મૂકી અમે પુત્રીને સાચવી લેશું તેમ કહેતા પતિ સહિતનાઓએ મારકૂટ કર્યાનું જણાવતા એએસઆઈ જે જે માઢકે પતિ સહિતના સાસરિયાઓ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

## રાજકોટ ક્રાઈમ

### ખરાબ વાતો કરતા શખ્સે મહિલાને માર માર્યો

રાજકોટઃ શહેરના રાંદરડા તળાવ પાસે રહેતી પરિણીતા અંગે શેરીમાં જ રહેતા લોકો ખરાબ વાતો કરી તેને બદનામ કરતા હોય જેથી સમજાવવા જતા જીલુ વિક્રમ રાઠોડ, અમિત જીલુ રાઠોડ, કરણ જીલુ રાઠોડ, વિમુબેન જીલુ રાઠોડ, પાયલબેન જીલુ રાઠોડ અને સગરામ લધુ રાઠોડએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારતા આજી ડેમ પોલીસે છ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### લોન પાસ કરાવવા મુદ્દે યુવક પર હુમલો

રાજકોટઃ શહેરના મોટા મૌવા રંગોલી પાક હાઉસિંગ બોર્ડમાં રહેતા અને ઇન્સ્યુરન્સનું કામ કરતા દીપકભાદ મુકેશભાઈ પટેલ ગત બપોરે પોતાની ઓફિસ હતા ત્યારે તેના એક ગ્રાહકની લોન કાલાવડ રોડ પર આવેલ પિરામલ હાઉસિં ફાયનાન્સમાં મૂકી હોય જે પાસ નહી થતા આ બાબતે કહેતા તેનો ખાર રાખી મેનેજ ગૌરવ નીતિન બેનાની, તેનો ભાઈ બે કર્મચારીઓ જય હરીશ શીશાંગીયા અભિષેક બુચએ આવી ગાળો, ભાડી ઢીકાપાટું મારી જાનથી મારી ધમકી આપી હોય આ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે નાખવા ચારેય સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### ૧.૨૨ લાખના દારૂ સાથે ૩ ઝડપાયા : બેની શોધખોળ

રાજકોટઃ શહેરમાં દારૂના ધંધાર્થીઓ ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે ડીસીબી પીએસઆઈ બી વી બોરીસાગર અને ટીમે મોરબી રોડ પર ઓમ પ્રજાપતિ સોસાયટીમાં દરોડો પાડી ૧૮૦ બોટલ દારૂ અને ૧૨૦ બીયરના ટીન સાથે રવી લલિત પરમાર અને રાહુલ મનોજ કોબીયાને ઝડપી લઇ ફોન સહિત ૧,૦૪,૮૦૦ ની મતા કબ્જે કરી વિપુલ પ્રવિણ કોબીયા અને સાગરની શોધખોળ હાથ ધરી છે. જયારે બી-ડીવીઝન પોલીસે અનીલ પાંડુરંગ મેટકરીને ૨૭,૨૦૦ ના દારૂ ભરેલા કાર સાથે ઝડપી લીધો હતો .

### કારખાનામાંથી ચોરી કરનાર બેલડી ઝડપાઈ

રાજકોટઃ શહેરના રેલનગરમાં રહેતા હરેશભાઈ પંડ્યાના સંસ્કાર ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલ બાલાજી ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાંથી ગત તા.૨૦ રાત્રે લેપટોપ, ડીવીઆર હાર્ડડીસ સાથેનું તેમજ ટીવી ચોરી થઇ ગયાની થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન માલવિયાનગર પોલીસે ચોરી કરનાર વિજય દિલીપ ડાભી અને મેહુલ ઉર્ફે મામો ધનજી જેઠવાને દબોચી લઇ મુદ્દામાલ કબ્જે કર્યો છે મામો અગાઉ ૨૪ ગુનામાં પકડાઈ ચુક્યો છે.

### જુગારના ૩ દરોડામાં ૩ મહિલા સહિત ૭ ઝબ્બે

રાજકોટ : શહેરમાં દારૂ - જુગારના કેસો કરવાની સુચના અન્વયે તાલુકા પોલીસે વિશ્વકર્મા સોસાયટીમાં દરોડો પાડી ટોકન ઉપર જુગાર રમતા ધર્મેશ શીશાંગીયા, વાસુદેવ સિસોદિયા, જસુબેન બવકીયા, જયશ્રીબેન વાડોદરિયા અને હંસાબેન ડાવેરાને ઝડપી લઇ રોકડા ૩૧,૨૦૦ અને ૮૮ ટોકન કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી આજી ડેમ પોલીસે ધર્મેશ બીપીન પરમારને વર્લીના આંકડા લખતા અને પ્રનગર પોલીસે ધનરાજ સુંદરદાસ થધાણીને વર્લીના આંકડા લખતા ઝડપી લીધા છે.

### કુતરાને કચડી મારનાર કારચાલક સામે ગુનો

રાજકોટઃ શહેરના વામ્બે આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા જ્યોતિબેન મનસુખલાલ બગડા (ઉ.વ.૪૬)એ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણે એક કુતરો પાળ્યો હોય ગત રાત્રે જયદીપ શૈલેશ બગડાએ પોતાની કાર પુરપાટ ઝડપે ચલાવી કુતરાને હડફેટે લઇ કચડી માર્યુ હોય તેવી ફરિયાદ કરતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

### પત્ની રીસામણે ચાલી જતા પતિનો આપઘાત

રાજકોટ : શહેરના વલ્લભનગરમાં રહેતા ઉત્પલભાઈ મગનભાઈ બાંભણીયા (ઉ.વ.૪૦) નામના યુવાને પોતાના ઘેર ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા બી ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ બકોત્રાએ તપાસ કરતા યુવકની પત્ની રીસામણે ચાલી જતા આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક IIT માં બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

### ૭૦ હજારના ૯૦ હજાર પડાવી લીધા

# રૂ.૧.૪૦ લાખ વધુ માંગી વ્યાજખોરે ધમકી આપતા યુવાનનો આપઘાતનો પ્રયાસ

### માલવિયાનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

શહેરમાં બેફામ બનતા વ્યાજખોરો સામે પોલીસે શરૂ કરેલા અભિયાન વચ્ચે વૃંદાવન સોસાયટીમાં રહેતા હર્ષ જીગ્નેશભાઈ જોષી (૯.૨૨) નામના યુવાને વ્યાજખોર શખ્સના ત્રાસથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા માલવિયાનગર પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ હર્ષ જોષી (ઉ.વ.૨૨) નામના યુવાને અગાઉ નામચીન શખ્સ પાસેથી નાનીમાંની સારવાર કરાવવા માટે ૭૦ હજાર ઉછીના લીધા હતા જેના ૯૦ હજાર વ્યાજ સહીત ચૂકવી દીધા. છતાં નામચીન કિશન દીલુભાઈ ગઢવી નામનો શખસ અવારનવાર વધુ ૧.૪૦ લાખની પઠાણી ઉઘરાણી કરતો હોય જેથી કંટાળી જઈ આ



પગલું ભર્યું હોવાનું જણાવતા એએસઆઈ વાય જી પંડ્યાએ ગુનો નોંધી આરોપી કિશન ગઢવીને ઝડપી લઇ કાર્યવાહી કરી છે.

### ઝોન-૧ ના ડીસીપી દ્વારા

# રથયાત્રાને અનુલક્ષીને જંગલેશ્વર વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ, ચેકીંગ

### રથયાત્રા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા કરાતી તૈયારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં અષાઢી બીજ નિમિતે નિકળનારી રથયાત્રાને અનુલક્ષીને જંગલેશ્વર વિસ્તારમાં આજે સાંજે ઝોન-૧ ના ડીસીપી પ્રવિણકુમાર મીણાએ પોલીસ અને એસઆરપીને સાથે રાખી ઘનિષ્ઠ પેટ્રોલિંગ ઉપરાંત વાહન ચેકીંગ કર્યું હતું.

ડીસીપીએ વિસ્તારના એસીપી, ભકિતનગર પીઆઈ, આજી ડેમ, થોરાળા વગેરે પોલીસ મથકના ડી. સ્ટાફના માણસો ઉપરાંત એસઆરપીના જવાનો સાથે સમગ્ર જંગલેશ્વર વિસ્તારમાં આજે સાંજે બે કલાક સુધી પેટ્રોલિંગ કર્યું હતું.

આ દરમ્યાન નામચીન ગુનેગારો, હિસ્ટ્રીશીટરો વગેરેને પણ ચેક કરાયા હતા. તેની સાથોસાથ વાહન ચેકીંગ પણ કરાયું હતું.

શહેરમાંથી અષાઢી બીજે નિકળતી રથયાત્રા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અત્યારથી જ પોલીસ દ્વારા તૈયારીઓ કરાઈ રહી છે.

જેના પગલે આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ ફુટ પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ સહિતની કવાયતો કરવામાં આવશે.

# ગુરૂવારે ધો.૧ માં ૧૦૦૧ બાળકોને પ્રવેશ અપાયો

### નગર પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો આજે બીજો દિવસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

ગુરૂવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ત્રિ-દિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે રૂટ નં. ૧ થી ૭માં શહેરની વિવિધ શાળાઓ જેવી કે શાળા નં. ૬૭, ૯૭, ૩૨, ૧૫, ૧૯, ૫૭, ૨૮, ૧૧, ૮૫, ૮૪, ૮૮, ૯૩, ૫૯, ૭૪, ૫૬, ૬૯, ૬૫, ૨૦બી, ૫૧, ૬૨, ૮૩, ૮૨, ૮૮એ, ૮૧, ૭૬, ૨૯ અને ૨૩ એમ કુલ : ૨૭ શાળાઓમાં આનંદ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ધો. ૧, ના ૪૮૯ કુમાર અને ૫૧૨ કન્યાઓ મળી કુલ ૧૦૦૧ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડીમાં ૪૩૩ કુમાર અને ૪૫૦ કન્યાઓ મળી કુલ ૮૮૩ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો.

આ તકે બાળકોનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિત અને શાસનાધિકારી કિરીટસિંહ પરમાર ના વડપણ હેઠળ આ કાર્યક્રમોમાં મેયર પ્રદિપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કરભાઈ પટેલ, સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ, શહેર મહામંત્રીઓ કિશોરભાઈ પરમાર, નરેન્દ્રસિંહ ઠાકુર તથા જીતુભાઈ કોઠારી, સુરેન્દ્રનગર પ્રભારી નિતિનભાઈ ભારદ્વાજ, ભાવનગર પ્રભારી કશ્યપભાઈ શુકલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, શહેર ભાજપના તમામ હોદ્દેદારો, જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ, મ્યુ. કમિશનર અમિત અરોરા, ગુજરાત ઇકોલોજી કમિશનના મેમ્બર સેક્રેટરી મહેશ સિંઘ, સૌરાષ્ટ્ર યુનિ. કુલપતિ ડો. ગીરીશ ભિમાણી, શિક્ષણ શાસ્ત્ર ભવન અધ્યક્ષ ડો. ભરત રામાનુજ, રા.મ્યુ.કો. ના આસિ. કમિશનરઓ અને અન્ય અધિકારીઓ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન સંગીતાબેન છાયા તથા શિક્ષણ સમિતિના તમામ સદસ્યોની પ્રવેશોત્સવની શાળાઓમાં પ્રેરણાદાયક ઉપસ્થિતિ રહી હતી. (૧.૧૩)

### ગોંડલ તાલુકાના વાળધરી ગામે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

ગોંડલ તાલુકાનાં વાળધરી ગામે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો જેમાં જીલ્લા પંચાયતના કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. કારોબારી ચેરમેને બાળકોને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે કાર્યપાલક ઈજનેર જે.જે. દેલવાડીયા સરપંચ, તલાટીમંત્રી જરીનાબેન જુનેજા અને ગ્રામ પંચાયતના સભ્ય, ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત કરેલ.

## સમસ્ત ચારણીયા સમાજ દ્વારા પ્રાગટય મહોત્સવનું ભવ્ય આયોજન

# રાજકોટમાં આઈશ્રી પૂ. નાગબાઈમાંની ૧૪ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમા સાથે અષાઢી બીજે દિવ્ય શોભાયાત્રા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૪

ચારણીયા સમાજને સેંકડો વર્ષો પહેલા આત્મગૌરવ અપાવનાર પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માઁનાં પ્રાગટય મહોત્સવ નિમિતે રાજકોટમાં આગામી તા.૧ જુલાઈ, ૨૦૨૨ નાં રોજ શુક્રવારે અષાઢી બીજનાં પાવન દિવસે દિવ્ય શોભાયાત્રા અને મહાપ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ધાર્મિક પ્રસંગમાં પધારવા રાજકોટ, અમદાવાદ, હાલાર, પાંચાળ, સોરઠ, કચ્છ ઉપરાંત છેક રાજસ્થાન સુધી ગામડે-ગામડે ચારણીયા સમાજનાં ઘરે ઘરે આમંત્રણ પાઠવાયા છે. પરીણામે ચારણીયા સમાજમાં પણ જબરો ઉત્સાહ છવાયો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્ર સુધી મૌખિક અને લેખિત આમંત્રણ મોકલીને પૂ. શ્રીનાગબાઈ માતાજીનાં જન્મોત્સવમાં નાનકડા નેશડાથી લઈને મોટા મહાનગર સુધીનાં વિસ્તારોનો ચારણીયા સમાજ મોટી સંખ્યામાં જોડાઈ એવા પ્રયાસો કરવામાં આવ્યા છે . રાજકોટમાં ચારણીયા સમાજ આયોજીત ભવ્ય શોભાયાત્રાનો તા.૧ જુલાઈ, ૨૦૨૨ નાં શુક્રવારનાં રોજ સવારે ૯.૩૦ વાગ્યે કિસાનપરા ચોકથી પ્રારંભ થશે. ભવ્ય શોભાયાત્રામાં પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માતાજીની ફણીધર નાગ સાથેની ૧૪ ફૂટ ઉંચી વિરાટ અને દિવ્ય પ્રતિમા અનેરૂ આકર્ષણ જમાવશે. શોભાયાત્રામાં સૌથી આગળ વિરાટ ધર્મધ્વજ સાથે ચારણીયા પહેરવેશમાં યુવાનો રહેશે. તેમની પાછળ સુશોભિત ભવ્ય રથમાં પૂ. શ્રીનાગબાઈ માતાજીની ૧૪ ફૂટ ઉંચી દિવ્ય પ્રતિમા બીરાજમાન રહેશે. આ રથયાત્રામાં શાનદાર ડી.જે.નાં સુર-તાલે આધ્યશકિત જગદંબાની ગરબાવલીની સંગાથે ચારણીયા સમાજ જબરૂ આકર્ષણ જમાવશે. આ સાથે રથયાત્રા ફરતે યુવાનો ભગવી ધ્વજા સાથે તૈનાત રહી વ્યવસ્થા સંભાળશે.

શોભાયાત્રામાં પરંપરાગત પહેરવેશ સાથે વડીલો તો ઠીક યુવાનો, બાળકો, યુવતીઓ, મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાશે. નાના બાળકોને પણ ચારણીયા સમાજનાં પરંપરાગત પહેશવેશમાં સજજ કરશે. આ ઉપરાંત કેટલાક નાના બાળકોને હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓની વેશભૂષામાં તૈયાર કરીને ભવ્ય શોભાયાત્રાને દિવ્ય બનાવાશે. રાજકોટમાં કિસાનપરા ચોક ખાતે આગામી તા.૧ ને શુક્રવારે અષાઢી બીજનાં પાવન દિવસે સવારે ૯.૩૦ વાગ્યે ચારણીયા સમાજનાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિ-સમાજનાં સામાજિક આગેવાનો અને રાજકીય અગ્રણીઓ, સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓના હોદેદારો વગેરે ખાસ ઉપસ્થિત રહીને શોભાયાત્રાને પ્રસ્થાન કરાવશે. કિસાનપરા ચોક ખાતે પ. શ્રીનાગબાઈ પૂ. માતાજીની ૧૪ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમાનાં પૂજન-અર્ચન બાદ ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન પામીને જિલ્લા પંચાયત ચોકથી ડો. યાજ્ઞિક રોડ થઈ માલવિયા ચોકથી ત્રિકોણબાગ થઈને જયુબેલી ચોકથી આગળ આર.ડી.સી. બેન્ક રોડ થઈ ચૌધરી હાઈસ્કૂલ ચોકથી બહુમાળી ભવન થઈ રેસ રોર્સમાં કિસાનપરા પાસે બપોરે ૧૨.૩૦ વાગ્યે સમાપન થશે. જયાં રેસકોર્સ ખાતે ભવ્ય શોભાયાત્રાનું વિસર્જન થયા બાદ સમૂહ મહાપ્રસાદ યોજાશે.

સમસ્ત ચારણીયા સમાજનાં યુવાનો છેલ્લા બે મહિનાથી પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માઁનાં પ્રાગટય મહોત્સવની તૈયારી માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ચારણીયા સમાજનાં વડીલોનો પણ સહકાર અને માર્ગદર્શન મળી રહ્યા છે.



'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલ ચારણીયા સમાજના યુવા કાર્યકરો પ્રવિણભાઈ ગોગિયા, દિનેશભાઈ ચૌહાણ, યાજ્ઞિકભાઈ ગોગિયા, કેતનભાઈ આઠુ, પ્રવિણભાઈ મોખરા, જયેશભાઈ, નરેશભાઈ ગોગિયા તસવીરમાં નજરે પડે છે.

### કોરોનાકાળના બે કપરા વર્ષ બાદ સમૂહ મહાપ્રસાદનું પણ આયોજન

### પૂ.નાગબાઈ માઁ મહોત્સવની રથયાત્રાનો રૂટ

| | |
|---|---|
| કિસાનપરા ચોકથી પ્રારંભ | ૯:૩૦ વાગ્યે |
| જિલ્લા પંચાયત ચોક | ૧૦ વાગ્યે |
| ડો . યાજ્ઞિક રોડ | ૧૦:૧૦ વાગ્યે |
| રામકૃષ્ણ આશ્રમ | ૧૦:૩૦ વાગ્યે |
| સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ | ૧૦:૪૦ વાગ્યે |
| માલવિયા ચોક | ૧૦:૫૦ વાગ્યે |
| ગેસ્ફોર્ડ સિનેમા રોડ | ૧૧ વાગ્યે |
| ત્રિકોણબાગ | ૧૧:૧૦ વાગ્યે |
| જવાહર રોડ | ૧૧:૨૦ વાગ્યે |
| જયુબેલી ચોક | ૧૧:૩૦ વાગ્યે |
| આર.ડી.સી. બેન્ક રોડ | ૧૧:૪૫ વાગ્યે |
| ચૌધરી હાઈસ્કૂલ ચોક | ૧૨ વાગ્યે |
| કિસાનપરા ચોક સમાપન | ૧૨:૩૦ વાગ્યે |

### ચારણીયા સમાજને ઉમટી પડવાનું આહવાન

પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માઁનો પ્રાગટય મહોત્સવ ચારણીયા સમાજનાં આત્મગૌરવને ઉજાગર કરશે. ચારણીયા સમાજના એકતા અને સંગઠનને વધુ મજબુત બનાવશે. પરીણામે અષાઢી બીજના ધાર્મિક અને સામાજિક મહોત્સવમાં ગામે-ગામથી જ્ઞાતિજનોને માત્ર એક દિવસ કામ, ધંધા, રોજગાર બંધ રાખીને ઉમટી પડવા આહવાન ચારણીયા યુવા સંગઠન દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક અને સામાજિક મહોત્સવ માટે સમગ્ર ગુજરાતમાં શકય એટલા વધુમાં વધુ શહેરો-ગામોમાં આમંત્રણ પણ આપવામાં આવ્યા છે.

## રેલ્વેનું ખાનગીકરણ બંધ કરો, નવા શ્રમિક કાયદા પાછા ખેંચો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪



વેસ્ટર્ન રેલ્વે મઝદૂર સંઘ દ્વારા આગામી તા. ૨૪-૨૫ શુક્ર-શનિવારના રોજ ભાટીયા બોર્ડીંગ ખાતે સાંજે ૪ વાગ્યાથી ઝોનલ કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કોન્ફરન્સમાં રેલ્વેનું ખાનગીકરણ બંધ કરવા નવા શ્રમિક કાયદા પાછા ખેંચવા સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે જે આ મુજબ છે.

(૧) નોન સેફટી કેટેગરીમાં ૫૦% ખાલી જગ્યાઓ સરેન્ડર કરવાના આદેશ રદ્દ કરો. (૨) તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૦-૬-૨૦૨૧ સુધીનું ડી.એ. એરીયર્સનું પેમેન્ટ ઝડપથી કરો. (૩) નાઈટ ડયુટી એલાઉન્સ ઉપર લાગેલી સીલીંગ લીમીટ તાત્કાલીક અસરથી દૂર કરો (૪) નવી પેન્શન યોજના રદ્દ કરી જૂની પેન્શન યોજના ચાલુ કરો (૫) મજૂર વિરોધી નવા શ્રમિક કાયદાઓ પાછા ખેંચી લેવા (૬) રેલ્વે વહીવટમાં કામદારોને નીતિગત નિર્ણયોમાં સામેલ કરવા (૭) ટ્રેનોને તથા રેલ ઉદ્યોગોને તેમજ અન્ય કાર્યો માટેના ખાનગી કંપનીઓને કોન્ટ્રાકટ આપવાના નિર્ણયને રદ્દ કરો (૮) રેલ્વે ઉદ્યોગોનું ખાનગીકરણ બંધ કરો (૯) રેલ્વે કર્મચારીઓના કામ કરવાની જગ્યાઓમાં સુધારો કરવામાં આવે. (૧૦) સાતમા પગાર પંચની વિસંગતતાઓ દૂર કરવામાં આવે. (૧૧) મહિલા કર્મચારીઓને યોગ્ય સગવડતા તથા સુરક્ષા આપવામાં આવે. (૧૨) ખાલી જગ્યાઓ તુરંત ભરવામાં આવે તથા નવા એસેસ્ટ માટે તાત્કાલીક ભરતી કરવામાં આવે. (૧૩) રેલ્વે કવાટર્સની હાલતમાં સુધારો કરવો અને નવા કવાટર્સ બનાવવા.

આ અધિવેશનમાં એનએફઆઈઆરના જનરલ સેક્રેટરી એમ. રાઘવૈયા, એનએફઆઈઆરના પ્રેસીડેન્ટ ગુમાનસિંહજી, વેસ્ટર્ન રેલ્વે મઝદૂર સંઘના પ્રેસીડેન્ટ શરીફખાન પઠાણ, જનરલ સેક્રેટરી સહિતના આગેવાનો તેમજ મુખ્ય મહેમાન તરીકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, ભાજપ અગ્રણી કશ્યપભાઈ શુકલ, બુટાણી, ડી.આર.એમ. અનિલકુમાર જૈન સહિતના ઉપસ્થિત રહેશે. આ અધિવેશનને સફળ બનાવવા વેસ્ટર્ન રેલ્વે મઝદૂર સંઘ રાજકોટ ડિવિઝનના મંડલ મંત્રી હિરેન મહેતાની આગેવાની હેઠળ હિમાંશુ જાદવ, બીપીન વ્યાસ, જે.ડી. વસાવડા, ડી.એસ.સહેરાવન, જસ્મીન ઓઝા, કેતન ભટ્ટી, ઝાકીર જામ, મનિષ મહેતા, વિષ્ણુ ગઢવી, પંકજ છાયણી, સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ દ્વારા યોજાયો ગ્રાહક સુરક્ષા જાગૃતિ સેમિનાર

### રાજકોટ જિલ્લા ગ્રાહક કમિશનના જજ અને નિષ્ણાતોએ આપ્યું માર્ગદર્શન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

હાલના સમયમાં ગ્રાહકો સાથે છેતરપિંડીના બનાવો વધી રહ્યા છે. ગ્રાહકોને છેતરપિંડી વિરુદ્ધ અવાજ ઉઠાવવા માટેની યોગ્ય જાણકારી નથી હોતી ત્યારે લેભાગુ તત્વો તેનો ફાયદો ઉઠાવતાં હોય છે. ત્યારે છેતરપિંડી વિરુદ્ધ ગ્રાહકો અવાજ ઉઠાવવા માટે જાગૃત બને તે માટે ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ દ્વારા ગ્રાહક સુરક્ષા જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રાહક સુરક્ષા કોર્ટના જજ દ્વારા યોગ્ય માર્ગદર્શન અને માહિતી પિરસવામાં આવી હતી.

ગુરૂવારે ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ દ્વારા ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ ભવન ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં રાજકોટ જિલ્લા ગ્રાહક કમિશન (મુખ્ય)ના પ્રમુખ જજ પી.સી.રાવલ, સભ્ય એમ.એસ. ભટ્ટ, કે.પી. સચદેવ, જિલ્લા ગ્રાહક કમિશન( એડિશનલ)ના પ્રમુખ જજ કે.એમ.દવે, સભ્ય ટી.જે. સાંકળા, પી.એમ.પરીખ દ્વારા ઉપસ્થિત મહિલાઓને ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગ્રાહક સુરક્ષા જાગૃતિ સેમિનારમાં ઉપસ્થિત રહીને યોગ્ય માર્ગદર્શન અને માહિતી આપનાર તમામ નિષ્ણાતોને ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ખોડલધામનું શ્રીયંત્ર આપીને સન્માનિત કરાયા હતા અને આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ સેમિનારમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ખોડલધામ મહિલા સમિતિ બહેનોએ જહેમત ઉઠાવી હતી.

## સંભારણા

## Quick heal -part 1

એક મરાઠી છોકરો જેણે દસમાં પછી શાળા છોડી દીધી હતી તેણે બે હજાર કરોડ રૂપિયાની આઈટી કંપની સ્થાપી નામ કૈલાશ કાટકર. રહેવાનું પુનાના શિવાજીનગરમાં, પિતા ફિલિપ્સ કંપનીમાં હેલ્પર, માતા ગૃહિણી, એક નાનો ભાઈ અને બહેન. આ પાંચ જણાનો પરિવાર એક નાનકડા રૂમમાં રહેતો હતો. કૈલાસ સૌથી મોટો તેથી દરેકની અપેક્ષાઓ તેની પાસેથી હતી. પુસ્તકો ખરીદવા માટે, ફી ચૂકવવા માટે પૈસા ન હોવાથી જેમતેમ દસમું ધોરણ પતાવી પુસ્તકી શિક્ષણ છોડી દીધું. વ્યવહારુ શિક્ષણ જે જીવન શીખવે છે તે અને વાસ્તવિક શિક્ષણ શરૂ કર્યું.

નાનપણથી જ કૈલાસ ને ઘરમાં તૂટેલી વસ્તુઓને ખટપટ કરીને જોડવાનો શોખ હતો. પિતાની સાથે બેસીને સ્કૂલમાં ભણતા ભણતા જ રેડિયો રીપેર કરવાનું શરૂ કર્યું હતું. તે વિષયનો મહિનાનો કોર્સ પણ કર્યો હતો. દસમા ધોરણના પરિણામની રાહ જોયા વગર નોકરી શોધવાનું શરૂ કર્યું. વિશ્વાસ હતો કે હું કંઇક કરીશ. એક દિવસ તેણે પેપરમાં જાહેરાત જોઈ. એક કંપનીને કેલ્કયુલેટર રિપેર મેનની જરૂર હતી. કૈલાશે જીવનમાં ક્યારેય કેલ્કયુલેટર જોયું ન હતું છતાં તેણે અરજી કરી. સદભાગ્યે તે ઇન્ટરવ્યૂ માટે આવેલા ૨૫ માંથી પસંદ થયો. ખટપટિયા સ્વભાવને લીધે આ કામ તો કર્યું સાથે-સાથે બેંકમાં ના લેઝર મશીન, ફસેટ મશીન જેવી વિવિધ મશીનરી રીપેર કરવાનું શીખ્યો.



લેખિકાઃ પુનમ શાહ –મુંબઈ.




ફરી એકવાર તેના સ્વભાવે અહીં ટકવા ન દીધો. તેણે પોતાની રીપેર શોપ શરૂ કરી. તે આખો દિવસ બગડેલા વિવિધ મશીન સાથે સંઘર્ષ કરતો. આમ હવે તે સારું એવું કમાવા લાગ્યો. તેણે બેંકમાં એક દિવસ નવું મશીન જોયું. પૂછા કરી ત્યારે તેને ખબર પડી કે આને કમ્પ્યુટર કહેવાય છે. આવનારો યુગ 'કમ્પ્યુટર યુગ' હશે એમ કોઈએ કહ્યું. તે વિચારમાં પડી ગયો. તો મારે શીખવું પડશે.. પણ ક્યાં શીખવું તે પણ એક પ્રશ્ન હતો.

૯૦ ના દાયકામાં કોમ્પ્યુટર ભારતમાં પ્રવેશ્યા હતા. તે ખૂબ મોંઘા હતા અને માત્ર મોટી સંસ્થાઓમાં જ જોઈ શકાતા હતા. કૈલાશને કોઈ કમ્પ્યુટર ની નજીક પણ આવવા ન દેતું. તે છતાં એક વાર તક મળી. **times of india** ની પુણે માં ફર્ગ્યુસન કોલેજ રોડ પર ઓફિસ છે. તેમના ત્રણ પ્રિન્ટર બંધ હતા. તેની પહેલા સમારકામ કરવા આવેલા માણસોએ કહ્યું કે આ પ્રિન્ટર કાઢી દેવા પડશે કેમ કે રિપેર થાય એવા નથી. તે દરમિયાન કૈલાશ ત્યાં આવેલો હતો. તેણે રીપેર કરી આપવાની શરત મારી અને દોઢ કલાકમાં રીપેર કરીને દેખાડ્યું. ત્યાર પછી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ માત્ર પ્રિન્ટર જ નહીં કમ્પ્યુટર પણ તેને સોંપી દીધા. તેની સાથે બે વર્ષના રીપેર કરાર પર હસ્તાક્ષર કર્યા. કૈલાશના જીવનનો આ ટર્નિંગ પોઈન્ટ હતો. આ કંપનીનું જોઈને બાકીની કંપનીઓ અને બેંકો એ તેમને કામ આપવાનું ચાલુ કર્યું. આમ પુનામાં કમ્પ્યુટર હાર્ડવેર રીપેરીંગમાં કૈલાશ કાટકર આ નામ પ્રખ્યાત થયું.

### વાળંદ સમાજની વાડીમાં કાલે જય લિમ્બચ શરાફી મંડળીની વાર્ષિક સાધારણ સભા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

આવતીકાલે તા.૨૫ ને શનિવારે સાંજે ૪ કલાકે લક્ષ્મીનગર શેરી નં.૨ ખાતે આવેલી વાળંદ સેવા સમાજની વાડીમાં શ્રી જય લિમ્બચ શરાફી સહકારી મંડળી લી. રાજકોટની વર્ષ ૨૦૨૧-૨૨ની ૨૩મી વાર્ષિક સાધારણ સભા યોજાશે. જેમાં દરેક સભાસદોએ હાજર રહેવા મંડળીના પ્રમુખ એમ.ટી. પરમારની યાદીમાં જણાવાયુ છે.

## ઈવનિંગપોસ્ટના સિનિયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪



સરગમ કલબ સંચાલિત સિનિયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં તા.૨૫ ને શનિવારે ૫:૩૦ કલાકે સેવન સ્ટાર પ્રસ્તુત આજકી શામ એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨૬ ને રવિવારે ૫:૩૦ કલાકે સુરમય ગર્જર ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. આઈ કાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, અશરફભાઈ કુરેશી અને મધુસુદન ભટ્ટ અને સુબોધભાઈ સોની જહેમત ઉઠાવી રહ્યા છે.

## પીજીવીસીએલ દ્વારા કુસુમ યોજના હેઠળ ૬૦૦ મેગાવોટ સોલાર વીજળી ઉત્પન્ન કરાશે

### પ્રથમ તબક્કામાં અમરેલી, બોટાદ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ તથા સુરેન્દ્રનગર વિસ્તારમાં ૫૫ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

સોલાર રૂફટોપ યોજનાની ભવ્ય સફળતા બાદ પીજીવીસીએલ દ્વારા કુસુમ યોજના હેઠળ ૬૦૦ મેગાવોટ સોલાર વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. કેન્દ્ર સરકારના **MNRE** વિભાગ હેઠળ **PM-KUSUM** (પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાઅભિયાન) યોજનાના કમ્પોનન્ટ **-C** હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશન યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે.

સદર યોજના હેઠળ ૬૬ કેવી સબસ્ટેશનમાંથી નીકળતા સિલેકટેડ ખેતીવાડી ફીડરોનું જૂથ બનાવીને ૧ થી ૪ મેગા વોટની મર્યાદામાં સોલાર પાવર પ્લાન્ટ જે-તે વિસ્તારના આશરે ૫ (પાંચ) કિમી ની મર્યાદામાં બનાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના અનુસંધાને પ્રથમ તબક્કામાં આવા કુલ ૫૫ (પંચાવન) પ્લાન્ટ બનાવવા માટેનું ટેન્ડર પીજીવીસીએલ દ્વારા બહાર પાડવામાં આવેલ છે.

## રાજકોટ લાઈવ રેડિયો પર આજે રાત્રે બિંદુ ગાંધીના ગીતો ગુંજશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪: ફેસબુક રેડિયો ચેનલ રાજકોટ લાઈવ રેડિયો પર આજે શુક્રવાર રાત્રે ૯ કલાકે રાજકોટની ગાયિકા બિંદુ ગાંધીના ગીતોનો લાઈવ કાર્યક્રમ રજૂ થશે.એમણે ગાયેલાં વિવિધરંગી ગીતો સાથે દિનેશ બાલાસરા કાર્યક્રમની પ્રસ્તુતિ કરશે.આજે રાત્રે ૯ કલાકે ફેસબુક ઉપર દિનેશ બાલાસરા ઓફીસિયલ સર્ચ કરવાથી કાર્યક્રમ સાંભળી શકાશે.

## માણાવદરમાં ગાજવીજ સાથે ૩ ઈંચ વરસાદ

**(ગીરીશ પટેલ દ્વારા)**

માણાવદર, તા.૨૪



શહેરમાં ભારે ઉકળાટ ગરમીથી ગઈકાલે નગરજનો તોહિમાચ પોકારી ઉઠયા હતા ત્યારે પ્રચંડ વીજળીના લબકારા અને કડાકા-ભડાકાએ શહેરને ધુણળ દીધું હતું. આ સાથે અવરાધાર ૩ ઈંચ વરસાદ પડયો હતો.

ભારે વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ભરાયા હતા. જેમાં ભાજપ શાસિત પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીની ડિંડક રૂપી પોલ ખુલ્લી પડી ગઈ હતી. ગટરો હજી કાદવ-કિચડથી ખદબદે છે. જેથી પાણીનો નિકાલ થયા નહોતો. જેથી પ્રિ-મોન્સુન કામગીરીના પેમેન્ટ ન કરવા લોકો માંગ કરી રહ્યા છે. જે પેમેન્ટ ચૂકવવા તેની તપાસ હાથ ધરવા લોકમાંગ ઉઠવા પામી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

### ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં

# ડિમોલીશન કરી ૬૭.૫૦ લાખની જમીન ખુલ્લી કરાઇ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૪

મ્યુ. કમિશ્નરના આદેશાનુસાર ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે ટાઉન પ્લાનીગ સ્કીમ નં.૧૬ તથા ૨૨-રૈયાના અમલીકરણના ભાગરૂપે તથા રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા અનામત પ્લોટમા ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં ધરાયું હતું જેમાં વોર્ડ નં.૧ના ટી.પી. સ્કીમ નં.૨૨-રૈયા, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર, મારવાડી વાસ માંથી ઓરડીઓ દુર કરી ૧૨,૨૫,૦૦૦ની જમીન ખુલ્લી કરાવાઇ હતી તેમજ વોર્ડ નં.૯માં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૬-રૈયા, એફ.પી.નં. ૧૬/બી, સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર હેતુ, પામ યુનીવર્સ પાછળ, ગંગોત્રી મેઈન રોડ પરથી ૫૫, ૨૧, ૦૦૦ સહિત કુલ ૧૦૫ ચો.મી કિંમત ૬૭,૫૦,૦૦૦ની જમીન પરથી દબાણ હટાવાયું હતું. આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટ ઝોનના અધિકારી આસી. ટાઉન પ્લાનર એમ. આર. મકવાણા, અજય એમ. વેગડ, ઈ.ચા. અશ્વિન પટેલ તથા વેસ્ટ ઝોનનો તમામ ટેકનીકલ સ્ટાફ, જગ્યા રોકાણ શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ સ્થળ પર હાજર રહ્યા હતા.

# કોર્ટમાં કેસ પેન્ડીંગ હોવા છતાં ગેરકાયદે ઇ-મેમોની વસુલાત કરાતા પોલીસ તંત્રને કાનુની નોટીસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા. ૨૪

રાજકોટમાં ટ્રાફિક નિયમનના મામલે આડેધડ પોલીસ દ્વારા આકરી ગેરકાયદે કાર્યવાહી કરીને વસુલવામાં આવતા દંડના મુદ્દે આ બાબતે કોર્ટમાં કાર્યવાહી કરનાર એડવોકેટ હેમાંશુ પારેખ વતી રાજકોટના એડવોકેટ ડી. મારા અસીલો હેમાંશુ એચ. પારેખ એડવોકેટ વિગેરે રાજકોટના વતી અને તેઓની સુચનાથી તમોને આ નોટીસ આપી આખરી તાકીદ કરવામાં આવે છે કે, પોલીસ દ્વારા રાજકોટની જનતાને ટ્રાફીક નિયમન ભંગ અંગે ઇ-મેમો-ઇ-ચલણ મોકલી અને ત્યારબાદ સત્તા ન હોવા છતાં ગેરકાયદેસર રીતે તે ઇ-મેમો

### પો. કમિ. આસી. પો. કમિ. ટ્રાફિક અને ટ્રાફિક પી.આઇ.ને ગેરકાયદે વસુલાત બંધ કરવા વકીલ દ્વારા નોટીસ અપાઇઃ છતાં પણ પોલીસ દ્વારા દંડ વસુલાશે તો કાનુની કાર્યવાહી કરવા ચિમકી

જી. શાહ અને કે. ડી. શાહે કોર્ટમાં દાવો પેન્ડીંગ હોય અને તેનો આખરી નિર્ણય આવેલ ન હોય તેમજ છ માસ જુના મેમાની કાયદા મુજબ વસુલાત થઇ શકતી ન હોય તેવી વિવિધ કાયદાકીય જોગવાઇઓનું પાલન પોલીસ દ્વારા કરાતું ન હોય પોલીસ કમિશનર રાજકોટ, આસી. પો. કમિ. (ટ્રાફીક) અને ટ્રાફીક પી. આઇ. ને કાનુની નોટીસ પાઠવવામાં આવતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામેલ છે.

એડવોકેટ કે. ડી. શાહે પોલીસ તંત્રને આપેલ નોટીસમાં જણાવ્યું છે કે, હું નીચે સહી કરનાર એડવોકેટ, માં જણાવેલ દંડ-પેનલ્ટીની રકમ ભરવા (વસુલાત સારૂ) ગેરકાયદેસર રીતરસમો અપનાવવામાં આવતા જેને ચેલેન્જ કરતો દાવો રાજકોટની દિવાની કોર્ટમાં રે. દિ. મુ. નં. ૭૨-૨૦૨૧ થી દાખલ કરેલ છે. જે હજુ ન્યાય નિર્ણય વાસ્તે પેન્ડીંગ છે.

વધુમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૬૮ ની જોગવાઇ મુજબ કોઇપણ દંડનીય રકમ કે પેનલ્ટીની વસુલાત માટેની નિર્દિષ્ટ સમયમર્યાદા ૬ માસની છે. ત્યારબાદ તે રકમ કે કોઇપણ પ્રકારના સરકારી લેણાની વસુલાત થઇ શકતી નથી. વધુમાં ઇ-મેમોની ગેરકાયદેસર વસુલાતને ચેલેન્જ કરતી એક ફોજદારી પરચુરણ અરજી કો. ૫. અ. નં. ૭૨-૨૦૨૧ થી એડવોકેટ ગીરીરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા દ્વારા રાજકોટની ફોજદારી કોર્ટમાં દાખલ કરવામાં આવેલ જેમાં પણ ફોજદારી કોર્ટે ગત તા. ૨૯-૪-૨૦૨૨ ના રોજ આંક-૭ હેઠળ હુકમ કરી સદ્‌રહુ સ્પષ્ટ હુકમ કરેલ છે.

ફોજદારી કોર્ટ રાજકોટે તા. ૨૯-૪-૨૦૨૨ ના રોજ ફો. ૫. અ. નં. ૭૨-૨૦૨૧ માં આંક-૭ હેઠળ કરેલ હુકમની એક નકલ આપને પહોંચાડવામાં આવેલ છે, તે સંજોગોમાં ના. કોર્ટના ઉપરોકત હુકમથી આપ સર્વે સુવિદિત છો, એટલે કે આપની જાણમાં છે.

ઉપરોકત તમામ હકિકતો હોવા છતાં આપ સર્વે દ્વારા તાજેતરમાં રાજકોટની જાહેર જનતાના જે કોઇ વાહનોના ઇ-મેમો કે ઇ-ચલણ પેન્ડીગ હોય તેઓને તેઓના રજીસ્ટર મોબાઇલ નંબર ઉપર એવો મેસેજ મોકલવામાં આવી રહેલ છે.

લોક અદાલતમાં દાખલ કરેલ ઇ-ચલણ કે જેના વાન નંબર એસઓ છે, એન નોટીસ નંબર છે તેનું પેમેન્ટ બાકી છે, કોર્ટમાં તમારી હાજરી ટાળવા માટે તેને તા. ૨૬-૬-૨૦૨૨ પહેલા રકમ ચુકવો, જો ચુકવેલ હોય તો આ મેસેજ અવગણશો.

**(અનુ.પાના નં.૪ ઉપર)**

# રાજકોટ : પિતા-પુત્રએ કર્યો આપઘાતનો પ્રયાસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૨૪

રાજકોટ જિલ્લા પોલીસ વડાની કચેરીની બહાર આજે બપોરના સમયે પિતા પુત્રએ પેટ્રોલ છાંટી તેમજ પીને કર્યો આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગ્રામ્ય પોલીસ દ્વારા આપઘાતનો પ્રયાસ કરનારાઓને ઝડપી અટકાયત કરવામાં આવી હતી અને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા હતા. આપઘાતનું કારણ જાણતા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અમારી ફરીયાદ અમે પોલીસ સ્ટેશને કરવા જઇએ તો લોધિકા પોલીસ માર મારે છે તેમજ લોધિકા પોલીસ સામા પક્ષની તરફેણ કરતી હોવાનો લગાવવામાં આવ્યો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# પો.કમિશનરની કડકાઈથી અનિયમીત કર્મીઓમાં ફફડાટ

### દરરોજ સવારે પરેડમાં જોડાવવું, હેલ્મેટ ફરજીયાત પહેરવાનો સહિતના કડક નિયમો જાહેર કરાયા, પાલન નહીં કરનાર પોલીસ કર્મીને દંડ

### પ્રજામાં પોલીસની છાપ વધુ સુધરે અને નાગરિકો તથા પોલીસનો વિશ્વાસનો સેતુ બંધાય એવા સીપીના આદેશથી શહેરીજનોમાં આવકાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૪

રાજકોટના બહુ ચર્ચિત તોડ્‌કાંડની તપાસ અને પોલીસ કમિશનર મનોજ અગ્રવાલની બદલી બાદ રાજકોટના નવા પોલીસ કમિશનર કોણ તે ચર્ચા કે મુહિમ તેજ બની હતી. ત્યારે પો.કમિશનર તરીકે રાજુ ભાર્ગવને કમાન સોંપાઇ હતી. નવા પો.કમિશનર રાજુ ભાર્ગવ શિસ્તના અને નિયમમાં લોકોને રાખવામાં હંમેશા આગ્રહી રહ્યા છે તેનો નમુનો તેને આવતા વેત જ સર્કિટ હાઉસ ખાતે ગાર્ડ ઓફ ઓનર વખતે આપી દીધો હતો તે રીતે ચાર્જ સંભાળ્યા બાદ ઘણી સિસ્ટમો ફેરવી દેવામાં આવી છે. તેવુ પોલીસ બેડામાં જ ચર્ચાઇ રહ્યું છે. વધુમાં રાજકોટ શહેરના તમામ પોલીસ કર્મીઓને સુચના અપાઇ ગઇ છે. કે દરરોજ સવારે જે કર્મીઓ નાઇટ ડ્યુટીમાં ન હોય તેઓએ સવારે ૫ થી ૬ વાગ્યાન વચ્ચે હેડ કર્વાટર પહોંચીને પરેડમાં ભાગ લેવાનો રહેશે આ નિયમ આવતા અનેક કર્મીઓના મોતીયા મરી ગયા હતા અને અસંતોષનો જ્વાળા ફુટ્યો હતો. એકા'દ દિવસ બોલાવે તો વાંધોની પણ આ તો દરરોજ સવારે પહોંચવાનો આદેશ કરી દેવામાં આવ્યો છે અને સાથે પરેડમાં પો.કમીશનર પણ જોડાઇ છે. આ ઉપરાંત વધુમાં ઓછુ તમામ પોલીસ કર્મીઓને સુચના આપી દેવામાં આવી કે ટ્રાફીકના નિયમનું પાલન થવુ જોઇએ, હેલ્મેટ ફરજીયાત પહેરવાનું રહેશે નહીંતર દંડ કરવામાં આવશે. આ જાહેરાત બાદ પોલીસ કર્મીઓએ બહુ ગંભીરતા ન લીધી હતી પરંતુ પોલીસ હેડ કવાર્ટરના ગેટ પાસે જ ડ્રાઇવ ગોઠવી દીધી અને શીકારી બધા ખુદ દંડનો શિકાર થઇ જવા લાગતા હેલમેટ અને નિયમોનું પાલન અમુક અંશે શરૂ કરાયું હતું ઉપરાંત જો ડ્રાઇવ નો હોય તો ટ્રાફીક કર્મચારીને દરેક પોલીસની ઓફીસ ખાતે મોકલાય છે અને પુછવામાં આવે કે કયુ વાહન લઇને આવ્યા છો, હેલ્મેટ ક્યાં જો ન હોય તો ઓફીસમાં બેઠા બેઠા પણ દંડ કરવામાં આવતા હોવાની ચર્ચાઓ પોલીસ બેડામાં જ થઇ રહી છે. આવી રીતે નિયમોનું પાલન



કરાવાતા અને પોલીસને જ ટાર્ગેટ કરતા હોવાની લાગણી ફેલાઇ ઉઠી છે અને એક એ પણ ચર્ચાઇ રહ્યું છે કે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ એમ માને છે કે પહેલા પોલીસ પરીવારો નિયમોનું પાલન કરતા શીખે અને નિયમોનું પાલન કરે બાકી શહેરીજનોને કેમ નિયમ પાલન કરાવડાવી શકીશું.

પ્રજામાં પોલીસની છાપ વધુ સુધરે અને નાગરિકો તથા પોલીસનો વિશ્વાસનો સેતુ બંધાય એવા સીપીના આદેશથી શહેરીજનોમાં આવકાર મળ્યો છે. અને પો.કમીશનરા આ કડક વલણથી અનિયમીત કર્મીચારીઓમાં ફફડાટ ફેલાયો છે.(૪)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

### રાજકોટ મનપાના અધિકારીઓ, ભાજપના આગેવાનો અને કોન્ટ્રાકટર વિરૂધ્ધ તકેદારી આયોગ અને એસીબીમાં ફરિયાદ

# ભાજપના શાસનમાં 'ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર' થઈ ગયોઃ આપ

### ભાજપનો ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકાર્યો છતાં શહેર પ્રમુખ કહે છે કે અમે ભ્રષ્ટાચાર નથી કરતાઃ રાજભા ઝાલા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૪

રાજકોટમાં આજે આમ આદમી પાર્ટી પ્રદેશ મંત્રી, રાજભા ઝાલા અને રાજકોટ કોર્પોરેશના પૂર્વ વિરોધપક્ષના નેતા આપ આગેવાન વશરામભાઈ સાગઠિયાએ પત્રકાર પરિષદમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ભાજપ મહા ભ્રષ્ટાચારી પાર્ટી છે. ભાજપ તમામ વિભાગના કોન્ટ્રાક્ટર પાસેથી બેફામ ભ્રષ્ટાચાર કરીને ગુજરાતની જનતાના પરસેવાના રૂપિયાનો બેફામ દુરઉપયોગ કરે છે. ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષથી ભાજપનું શાસન છે. તેમાં ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર થઇ ગયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે.

રાજભા ઝાલાએ વધુમાં જણાવ્યું હતું કે, હું ભાજપમાં હતો ત્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકના કાર્યકાળમાં તત્કાલીન પ્રમુખ અને રાજકોટના આગેવાનોએ મને કોન્ટ્રાક્ટર પાસેથી પાર્ટી ફંડના નામે રૂપિયા લેવાનું જણાવેલ, મારી ઉપર પ્રેશર પણ કરેલ પરંતુ હું પ્રેશરને તાબે થયો નહોતો મેં પાર્ટી છોડવાનું પસંદ કર્યું હતું પરંતુ ભ્રષ્ટાચાર કર્યો ન હતો. ભ્રષ્ટાચારની વિરૂધ્ધમાં જ મેં ઓગસ્ટ -૨૦૧૫ માં ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું અને ભાજપના ભ્રષ્ટ આગેવાનોને ખુલ્લા પાડ્યા હતા. તાજેતરમાં જ રાજકોટના એક રીપોર્ટર પાસે કોર્પોરેશનના કોન્ટ્રાક્ટરે કબૂલ્યું છે કે ભાજપને પાર્ટી ફંડમાં ૧% આપવો પડે છે. તે પરથી સાબિત થઇ ગયું કે ભાજપ મહા



ભ્રષ્ટાચારી પાર્ટી છે.

રાજભાના જણાવ્યા મુજબ ભાજપ ગુજરાતમાં તમામ કોન્ટ્રાક્ટરો પાસેથી તોડ કરે છે તે જગ જાહેર છે તેના સાંયોગિક પુરાવા આપતા કહ્યું છે, (૧) રાજકોટ શહેર ભાજપ પ્રમુખે કોન્ટ્રાક્ટરના આક્ષેપ વિશે ગોળ ગોળ વાત કરી જો તે દૂધે ધોયેલા હોય તો કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેત તે ના કરી તે પરથી સાબિત થાય છે કે કોન્ટ્રાક્ટરની વાત સાચી છે.

(૨) ગુજરાતમાં અધિકારીઓના ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો છે. અનેક કૌભાંડ થયા છે. પરંતુ એક પણ કૌભાંડની તટસ્થ તપાસ થઇ નથી તે જ સૂચવે છે કે ભ્રષ્ટાચારમાં શાસક પક્ષ ભાગીદાર છે. (૩) રાજભાએ પોતાનો અનુભવ ટાંકતા જણાવ્યું કે હું ભાજપમાં હતો છતાં મારા વતનના ગામમાં એક કામમાં પાઇપ લાઈન નાખ્યા વગર બિલ બની ગયા હતા તે ભ્રષ્ટાચારના પુરાવા તત્કાલીન પંચાયત મંત્રીને આપેલ અને ફરિયાદ કરેલ છતાં કોઈ જ દાખલા રૂપ કાર્યવાહી થયેલ નહીં. તે પરથી સાબિત થાય છે કે ભાજપ પોતે જ ભ્રષ્ટાચાર આચરીને

### ભાજપે પાર્ટી ફંડના નામે તોડ ના કર્યો હોય તો કોન્ટ્રાકટર વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરોઃ વશરામ સાગઠીયા

કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ પાસેથી તોડ કરે છે.

વશરામભાઈ સાગઠિયાએ જણાવેલું કે, રાજકોટ મ્યુ. કોર્પોરેશનમાં શાસક પક્ષ ભાજપના આગેવાનો જ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે તે પરથી સાબિત થાય છે કે ગત જનરલ બોર્ડમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ જે માહિતી માંગી હતી તે માહિતીમાં અનેક ગેરરીતિઓ બહાર આવી તે બાબતે અમોએ મેયર ને રજૂઆત કરીને ગેરરીતિ આચરનાર જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કાયદેસર પગલાં લેવા વિનંતી કરી હતી. પરંતુ આજ દિન સુધી અમારી રજૂઆતના આધારે કોઈ જ કાર્યવાહી થયેલ નથી તેજ સૂચવે છે કે કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર કરવામાં અધિકારીઓ અને શાસક પક્ષની મિલી ભગત છે.

અંતમાં રાજભા અને વશરામભાઈ એ જણાવ્યું હતું કે,આમ આદમી પાર્ટીએ નિર્ધાર કર્યો છે કે ગુજરાતમાંથી ભ્રષ્ટાચારસ્ત્રે નેસ્ત નાબૂદ કરશું. સરકાર બનાવ્યા બાદ અને ભાજપના કૌંભાડીઓની તપાસ કરીને તેમને પણ પાઠ ભણાવશું. ભ્રષ્ટાચાર પર બ્રેક મારવા કાયદેસર પગલાં લેવાના ભાગ રૂપે યોગ્ય સ્થાને ફરિયાદ કરીને અમારી ફરજ બજાવવા હાલ તકેદારી આયોગ અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં ફરિયાદ કરી છે. હવે સરકાર ઢાંક પીછોડા કરશે કે તટસ્થ તપાસ કરીને ભાજપના આગેવાનો વિરૂધ્ધ કાર્યવાહી કરે છે! તેવો સવાલ અંતમાં ઉઠાવ્યો છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.